**આજનો સુવિચાર**

વિશ્વના સૌથી સુખી લોકો ને એ સમજાયું છે કે, બીજા પાસેથી કંઈપણ અપેક્ષા રાખવી નિરર્થક છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૮૪ જૂનાગઢ તા.૧૭-૦૭-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 184, Junagadh : Date : 17 July, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ગુજરાત સહિત ૯ રાજયોમાં વરસાદનું એલર્ટ : વારાણસીમાં ભોળાનાથનું મંદિર પાણીમાં ગરકાવ



નવી દિલ્હી તા.૧૭

નેપાળને અડીને આવેલા ઉત્તર પ્રદેશના ૧૬ જિલ્લામાં પૂરની સ્થિતિ યથાવત્ છે. અહીં ત્રણ નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. રાપ્તી નદી, બુધી રાપ્તી અને કુનો નદીના વહેણને કારણે ગોરખપુર, સિદ્ધાર્થ નગર અને ગોંડામાં સ્થિતિ સૌથી ખરાબ છે.

છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે ૬ લોકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશ સરકારે કહ્યું કે, દરેકનું મૃત્યુ ડૂબી જવાથી થયું છે. આ સિવાય કર્ણાટકમાં મંગળવારે ભારે વરસાદ બાદ ભૂસ્ખલનને કારણે ૪ લોકોના મોત થયા હતા.

ગોરખપુર અને વારાણસી સહિત ૨૦થી વધુ જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ છે. ૨૦ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત છે. વારાણસીનું રત્નેશ્વર મહાદેવ મંદિર ગંગામાં ડૂબી ગયું છે. આ વિશ્વનું પ્રથમ ઝુકાવવાળું મંદિર છે. ગંગાના ૧૫ ઘાટ પણ ડૂબી ગયા છે. આસી અને દશાશ્વમેધ ઘાટના આરતી સ્થળો સુધી પાણી પહોંચી ગયું છે.

બીજી તરફ બિહારમાં પણ બેતિયા, બગાહા, સીતામઢી, મધેપુરા, અરરિયા સહિત અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ છે. નીચાણવાળા વિસ્તારોનાં ૨૪થી વધુ ગામોમાં પૂરનાં પાણી ઘૂસી ગયાં છે. હવામાન વિભાગે મધ્યપ્રદેશ સહિત ૯ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે ૯ રાજ્યોમાં એટલે કે મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને ઉત્તરાખંડમાં બુધવાર, ૧૭ જુલાઈએ ભારે વરસાદની ચેતવણી આપી છે. તે જ સમયે, ૧૦ રાજ્યો તેલંગાણા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા, પંજાબ અને હરિયાણામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

## દર ૧૦૦૦માંથી માત્ર ૪ ભારતીય ચૂકવે છે ઇન્કમટેક્ષ




નવી દિલ્હી, તા.૧૭:

આજકાલ એવી ચર્ચા છે કે નાણામંત્રી બજેટમાં આવકવેરાના દરમાં ઘટાડો કરી શકે છે અથવા ટેક્સ સ્લેબમાં વધારો કરી શકે છે. જો આવું થાય તો તે એક સારૂં પગલું હશે. ભારતીયોનો માત્ર ખૂબ જ નાનો હિસ્સો ખરેખર કર ચૂકવે છે. તો શું સરકારે તેમની પણ કાળજી લેવી પડશે વાસ્તવમાં, ભારતીયોનો એક નાનકડો વર્ગ જ ટેક્સ ચૂકવે છે તેવો અંદાજ લગાવવો ખોટો છે. સત્ય એ છે કે મોટાભાગના લોકોએ કોઈને કોઈ રીતે સેટ ટેક્સ ચૂકવવો પડે છે. કોમ્પ્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સના ડેટા દર્શાવે છે કે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૩-૨૪માં કુલ ટેક્સની આવક ૩૪.૬ ટ્રિલિયન રૂપિયા હતી.

## મહારાષ્ટ્રમાં ભાજપને જોખમ : ૪ મોટા નેતાઓ પાર્ટી છોડી શરદ પવાર સાથે જોડાવા તૈયાર

મુંબઈ તા.૧૭

એનસીપી નેતા અજિત પવારની રાજકીય મુશ્કેલીઓ વધી રહી છે. લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટીને રાયગઢમાં માત્ર એક સીટ પર જીત મળી હતી. એ હારને હજુ પચાવી તેઓ વિધાનસભાની ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે હવે ચાર મોટા નેતાઓએ તેમનો સાથ છોડી દીધો છે. ચાર દિગ્ગજ નેતાઓએ એનસીપી છોડી દેતા મહારાષ્ટ્રમાં ભાજપ (BJP) ટેન્શનમાં આવી ગઈ છે. પિંપરી ચિંચવડના ચાર નેતાઓએ અજિત પવારને છોડી દીધા છે અને હવે આ લોકો તેમના કાકા શરદ પવારની પાર્ટીમાં સામેલ થઈ શકે છે. આ સપ્તાહના અંત સુધીમાં આ લોકો NCP શરદ પવારમાં જોડાઈ શકે છે. પિંપરી ચિંચવડ યુનિટના પ્રમુખ અજિત ગવહાણેએ પોતાનું રાજીનામું અજિત પવારને મોકલી આપ્યું છે. શરદ પવારે ગયા મહિને જ કહ્યું હતું કે જેમણે પાર્ટીને નબળી કરી છે તેમને



પાછા લેવામાં આવશે નહીં. જો કે, એવા લોકોને પાછા લઈ શકાય છે જેમણે પાર્ટીની છબીને નુકસાન પહોંચાડ્યું નથી.

## એર ઈન્ડિયામાં ૧૮૦૦ની ભરતી ઈન્ટરવ્યૂ માટે ૨૫,૦૦૦થી વધુ અરજદાર પહોંચ્યા



નવી દિલ્હી તા.૧૭

એર ઈન્ડિયામાં નોકરી માટે વોક-ઈન ઈન્ટરવ્યૂ લેવાનો હતો. જેના માટે ઉમેદવારોને મુંબઈના કાલિનામાં સીવી સાથે બોલાવવામાં આવ્યા હતા. ૧૮૦૦ ખાલી જગ્યાઓ માટે હજારો લોકો પહોંચ્યા અને પછી નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ. જેના કારણે કંપનીએ લોકોને તેમના સીવી છોડીને દૂર જવા કહ્યું. નોકરી માટે આ લડાઈનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે.

ઓફિસમાં નાસભાગ જેવી સ્થિતિ જોવા મળી હતી. રિપોર્ટ્સ અનુસાર, એર ઈન્ડિયાએ યુટિલિટી એજન્ટની ૧૮૦૨ જગ્યાઓ પર ભરતી માટે વોક-ઈન ઈન્ટરવ્યૂ લીધા હતા. જેમાં હજારોની સંખ્યામાં ઉમેદવારો પહોંચ્યા હતા. કંપનીએ જણાવ્યું કે લગભગ ૨૫,૦૦૦ લોકો ઈન્ટરવ્યૂ માટે આવ્યા હતા. તે જ સમયે, એવિએશન ઈન્ડસ્ટ્રી એમ્પ્લોઈઝ ગિલ્ડ (AIEG)એ તેમની સંખ્યા લગભગ ૫૦ હજાર રાખી છે. નોકરી મેળવવા માટેના સંઘર્ષનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. આ વખતે મુંબઈ ના કલિનામાં એર ઈન્ડિયા કંપનીની મેળવવાનો ધસારો કાબૂ બહાર ગયો. આ પછી કંપનીએ લોકોને તેમના સીવી સબમિટ કરવા અને ત્યાંથી જવાનું કહ્યું.

એવિએશન ઈન્ડસ્ટ્રી એમ્પ્લોઈઝ ગિલ્ડ (AIEG)ના જનરલ સેક્રેટરી જ્યોર્જ અબ્રાહમે કહ્યું કે, તેમનાં સૂત્રોના જણાવ્યા અનુસાર લગભગ ૨૫ હજાર લોકો ત્યાં પહોંચ્યા હતા. લોકોને ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ નાસભાગ જેવો માહોલ સર્જાયો ત્યારે પૈસા લેવામાં નહીં આવે તેમ જણાવાયું હતું.

## નીતિ આયોગની નવી ટીમમાં એનડીએ સાથી પક્ષોને સ્થાન આપવા નિર્ણય



નવીદિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારે નીતિ આયોગની નવી ટીમની રચના કરી છે. આ ટીમના અધ્યક્ષ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હશે. ઉપપ્રમુખ સુમન બેરીને બનાવવામાં આવ્યા છે. નીતિ આયોગની નવી ટીમમાં ચાર પૂર્ણ-સમયના સભ્યો છે. વીકે સારસ્વત, પ્રોફેસર રમેશ ચંદ, ડોક્ટર વીકે પોલ અને અરવિંદ વિરમાણીને પૂર્ણ સમયના સભ્ય બનાવવામાં આવ્યા છે.

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને નીતિ આયોગની ટીમમાં હોદ્દેદારો તરીકે સ્થાન મળ્યું છે.

## ગુજરાતમાં BSNL સીમકાર્ડનું વેચાણ ચાર ગણું વધી ગયું




નવી દિલ્હી તા.૧૭

આવું એટલા માટે થયું, કારણ કે મોબાઈલ નેટવર્કની ખાનગી કંપનીઓએ તોતિંગ ભાવ વધારી દીધા. તોતિંગ એટલે ૨૦થી ૨૫ ટકા. સામાન્ય માણસને આ ભાવ પરવડે નહીં. સ્વાભાવિક છે, જેના ટેરિફ પ્લાન સસ્તા હશે ગ્રાહક ત્યાં જ ડાઈવર્ટ થવાના છે. સસ્તા પ્લાન હોય એવી એક જ સરકારી કંપની છે, BSNL. અત્યારે BSNLના સીમ કાર્ડની હાઈ ડિમાન્ડ છે. આના કારણે ખાનગી કંપનીઓ ઉપર પણ કસ્ટમર જાળવી રાખવાનું પ્રેશર વધ્યું છે. સુશુપ્ત અવસ્થામાં રહેલા BSNLમાં અચાનક પ્રાણ ફૂંકાયા છે.

## ઓમાનના દરિયાકાંઠે ઓઈલ ટેન્કર ડૂબ્યું : ૧૩ ભારતીયો સહિત ૧૬ ક્રૂ મેમ્બર ગુમ



મસ્કત તા.૧૭

ઓમાન નજીક દરિયામાં એક ઓઈલ ટેન્કર પલટી મારી ગયું છે. જેમાં ૧૩ ભારતીય અને ૩ શ્રીલંકા સહિત કુલ ૧૬ ક્રૂ મેમ્બર હતા, તે તમામ ગાયબ છે. આ ઘટના સોમવાર (૧૫ જુલાઈ)ના રોજ બની હતી. ઓમાનના દરિયાઈ સુરક્ષા કેન્દ્ર (Maritime Security Centre)એ મંગળવારે આ માહિતી આપી હતી. મેરીટાઈમ સેફટી સેન્ટરના જણાવ્યા અનુસાર, 'પ્રેસ્ટિજ ફાલ્કન' નામનું ઓઈલ ટેન્કર દુબઈના હમરિયા પોર્ટથી રવાના થયું હતું. તેના પર કોમોરોસનો ધ્વજ લગાવવામાં આવ્યો હતો. તે યમનના એડન બંદર તરફ જઈ રહ્યું હતું. ઓઈલ ટેન્કર દુકમ બંદર શહેર નજીક રાસ મદ્રકાહથી લગભગ ૪૬ કિમી દક્ષિણ-પૂર્વમાં પલટી ગયું હતું.

## બજેટમાં ગ્રામિણ વિસ્તારમાં ચાલી રહેલી યોજનાઓ ઉપરની ફાળવણી વધારાશે

નવી દિલ્હી, તા.૧૭:

નાણાકીય વર્ષ ૨૦૨૫ના સામાન્ય બજેટમાં ગ્રામીણ વિસ્તારો પર વધુ ફોકસ થઈ શકે છે. લોકસભા અને આ વર્ષે હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ગ્રામીણ વિસ્તારોમાં મળેલા આંચકાને ધ્યાનમાં રાખીને મોદી સરકાર પહેલાથી ચાલી રહેલી યોજનાઓ માટે ફાળવણી વધારવા સિવાય કેટલીક નવી યોજનાઓની જાહેરાત કરી શકે છે. પીએમ કિસાન



સન્માન નિધિ યોજના, મનરેગા, રોડ નિર્માણ યોજના અને પીએમ આવાસ યોજના માટે વધુ પૈસા આપી શકાય છે. નાણાકીય વર્ષ ૨૪ માં જીડીપી વૃદ્ધિ ૮.૨% હતી પરંતુ કળષિ વૃદ્ધિ ધીમી પડીને ૧.૪% અને ખાનગી અંતિમ વપરાશ ખર્ચ માત્ર ૪% રહ્યો હતો. તેમાં પણ ગ્રામીણ વિસ્તારોમાં વપરાશની ગતિ ઓછી છે.

## ચીન નહિ ભારત વિશ્વમાં સૌથી વધુ વસ્તીવાળો દેશ બન્યો : યુનોના રીપોર્ટમાં દાવો કરાયો

નવી દિલ્હી તા. ૧૭ :

જો આપણને એવો પ્રશ્ન પૂછવામાં આવે કે દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ કયો છે, તો અત્યાર સુધી આપણે ફક્ત ચીનનું જ નામ લેતા આવ્યા છીએ. પરંતુ આપણે આ યાદીમાં ટોચ પર પહોંચી ગયા છીએ. યુનાઈટેડ નેશન્સ એજન્સીના ડેટા અનુસાર, વિશ્વની ટોચની ૧૦ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંથી ચાર પણ વસ્તીની દ્રષ્ટિએ ટોચના ૧૦ દેશોમાં સામેલ છે. આ સાથે તમને કેટલાક આંકડા રસપ્રદ પણ લાગી શકે છે. ભારતની વસ્તી અમેરિકા કરતાં ૪ ગણી વધુ છે, જે વિશ્વની ત્રીજી સૌથી મોટી વસ્તીનું હોમ છે. આપણા પાડોશી દેશ પાકિસ્તાન અને બાંગ્લાદેશ પણ આ યાદીમાં પાછળ નથી. ચાલો જોઈએ કે આ યાદીમાં કયો દેશ છે.

૨૦૨૪માં વિશ્વના ટોપ ૧૦ સૌથી વધુ વસ્તી ધરાવતા દેશોની યાદીમાં ભારત નંબર ૧ પર છે. યુએન વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૪ રિપોર્ટ અનુસાર, ભારતની વસ્તી ૧૪૫ કરોડ હોવાનો અંદાજ છે. ૧૦ વર્ષ પહેલા લગભગ ૧૩૧ કરોડની વસ્તી સાથે ભારત ચીન પછી બીજા ક્રમે હતું. અર્થવ્યવસ્થા વિશે વાત કરીએ તો, IMF અનુસાર, ભારત ૨૦૨૪માં ૩,૯૩૭.૦૧૧ બિલિયન ડોલરના અંદાજિત GDP સાથે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશોની યાદીમાં ચીન બીજા સ્થાને પહોંચી ગયું છે. યુએનના અંદાજ મુજબ, ૨૦૨૪ સુધીમાં તેની વસ્તી ૧૪૧ કરોડ થવાનો અંદાજ છે. યુએનના ડેટા અનુસાર, ભારતે ૨૦૨૩માં ચીનને પાછળ છોડી દીધું હતું. જીડીપીની દ્રષ્ટિએ ચીન હાલમાં વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. IMF અનુસાર, ૨૦૨૪ માટે તેનો જીડીપી૧૮,૫૩૨.૬૩૩ બિલિયન ડોલર રહેવાની ધારણા છે.

## અમેરિકામાં ૨૧ વર્ષથી ઓછી ઉંમરના લોકો પર બંદૂક રાખવા પર પ્રતિબંધ ન ફરમાવી શકાય : કોર્ટ



ન્યુયોર્ક તા.૧૭ :

મિનેસોટાની એક અદાલતે ચુકાદો આપ્યો હતો કે, રાજ્યનો કાયદો ૨૧ વર્ષથી ઓછી ઉંમરના લોકોને બંદૂક રાખવાથી પ્રતિબંધિત કરે છે તે ગેરબંધારણીય છે. કોર્ટે કહ્યું કે રાજ્યનો આ કાયદો ૧૮ થી ૨૦ વર્ષની વયના યુવાનોના યુએસ બંધારણના બીજા સુધારા હેઠળ હથિયાર રાખવા અને રાખવાના અધિકારનું ઉલ્લંઘન કરે છે.

મિનેસોટામાં ફેડરલ અપીલ કોર્ટે મંગળવારે ચુકાદો આપ્યો હતો કે મિનેસોટા રાજ્યનો કાયદો, જેમાં સ્વ-બચાવ માટે જાહેર સ્થળે બંદૂક રાખવાની પરમિટ મેળવવા માટે વ્યક્તિ ઓછામાં ઓછી ૨૧ વર્ષની ઉંમર હોવી જરૂરી છે, તે ગેરબંધારણીય છે.


**પ્લોટ વેચવાના છે**
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

Disable to Able...
॥ આદિત્ય ॥ કલીનીક
**ડૉ. દિપેન જે. સુબા**
[M.P.T., MIAP, D.Y.T., D(Ac), C.D.N., C.M.S. & ED], Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેક્ટીસમાં કાર્યરત





ચોમાસામાં થતા સાંધા, વા, કમર તેમજ સ્નાયુના દુઃખાવાથી પરેશાન ?
આપની સમસ્યાનું સમાધાન છે અમારી પાસે..
ઓર્થોપેડીક દુઃખાવા, સાંધાનાં વા + સ્નાયુ/માસપેશીના દર્દો, કમર/ગરદન, હાથ/પગ, ગોઠણ/ખંભા, રગ/નસ, મણકા/ગાદી માટે સચોટ સારવાર.
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફલોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

**દરેક સ્કુલ યુનિફોર્મના**
પેન્ટ માત્ર રૂા.૧૦૦/-
શર્ટ માત્ર રૂા.૧૦૦/-
કોટી માત્ર રૂા.૧૦૦/-
તેમજ અન્ય કાપડમાં ૫૦% વળતર મળશે
**બોમ્બે બજાર**
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




**ડો. રશ્મિ પી. બાલચંદાણી**
Mo. 74859 53500
B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com


C M Y K

# કેશોદ શહેરમાં વીજશોક લાગવાથી ધણખૂંટનું મોત ટીસીવાળી જગ્યા સુરક્ષિત કરવા માંગ કરી



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૭

કેશોદમાં વેરાવળ રોડ પર આવેલ રોયલ પાર્ક એપાર્ટમેન્ટ નજીક વીજ પ્રવાહ ચાલું હોય તે દરમ્યાન એક ટીસી નજીક ધણખૂંટ પસાર થતાં વીજ શોક લાગવાથી મોત નિપજયું હતું. પીજીવીસીએલ કર્મચારીઓને જાણ થતાં ઘટના સ્થળે પહોંચી વીજ પ્રવાહ બંધ કરી તપાસ હાથ ધરી હતી. પાલીકાએ ધણખૂંટને અકસ્માત સ્થળેથી ખસેડવા કાર્યવાહી હાથ ધરી હતી. જયારે પીજીવીસીએલ સ્ટાફ પહોચ્યોં ત્યારે સ્થાનિક અજાભાઈ આલાભાઈ ઉલવાએ એક વર્ષ પહેલાં આજ જગ્યા પર વીજ શોક આવતાં ફરિયાદ કરી હોવાનું જણાવતાં વીજ કર્મીઓએ જે તે વખતે રિપેરિંગ કામ કરનાર કોન્ટ્રાકટરની ભુલ હોવાનું દોષનો ટોપલો ઢોળ્યો હતો. જો કે ચોમાસા દરમ્યાન કેશોદ શહેરમાં વીજ શોકથી ગૌધન મૃત્યુ પામવાની આ ત્રીજી ઘટના છે. અગાઉ વીજ અધિકારીએ આ કોઈ ટેકનીકલ ખામી નથી પરંતુ ચોમાસા દરમ્યાન ટીસીની આસપાસ સ્ટેપ વીજ લીકેજ થતું હોય જે પશુ માટે જોખમી હોય છે. ત્યારે ગૌપ્રેમીઓએ આ લીકેજ રોકી સકાતું ન હોય તો ટીસીવાળી જગ્યાને સુરક્ષિત કરવી જોઈએ. સંરક્ષણ જારી મુંકવામાં આવે તો પશુ ધન બચી શકે તેમ કહી ધણખૂંટ મોતથી દુઃખ વ્યક્ત કર્યું હતું.

# માણાવદરનાં જીંજરી ગામે જાતિ પ્રત્યે હડધૂત કરતા એટ્રોસીટીની નોંધાતી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

માણાવદર તાલુકાનાં જીંજરી ગામે રહેતા રણજીતભાઈ ઉર્ફે જલો ચૌહાણએ ભલાભાઈ ગોરધનભાઈ વાઘેલા, રસ્મીતભાઈ ભલાભાઈ વાઘેલા સામે માણાવદર પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદનો દીકરો રાજકુમાર બજારમાંથી ઘરે આવેલ તે વખતે તેના ઘરની આગળ એક ફોરવ્હીલ ગાડીમાં સામાવાળા મોટેથી ટેપ વગાડતા હોય જેથી ટેપ ધીમે વગાડવાનું કહેતા આરોપી નં. ૧એ હાથમાં લોખંડનો પાઈપ તથા આરોપી નં. ૨એ હાથમાં લાકડી હતી અને ફરીયદી કાંઈ બોલે. તે પહેલા જ આરોપી નં.૧ નાએ ફરીયાદીને ડાબી નેણ કપાળ ઉપર લોખંડનો પાઈપ મારી તેમજ આરોપી નં. ૨નાએ ફરીયાદીને નાક ઉપર લાકડી મારી ટાંકા જેવી ઈજા કરી તેમજ ભુંડી ગાળો બોલી જાતિ પ્રત્યે હડધુત કર્યાની માણાવદર પોલીસમાં ફરીયાદ નોંધાવતાં માંગરોળનાં નાયબ પોલીસ અધિક્ષક ડી.વી. કોડીયાતરે વધુ તપાસ હાથ ધરી છે.

### વંથલીનાં ખોરાસામાં શેઢા પાડોશી વચ્ચે ઝગડો : ફરીયાદ

વંથલી તાલુકાનાં ખોરાસા ગામે રહેતા કુસુમબેન ભીમભાઈ વાટકીયાએ અતુલ કરશન ચાવડા, ભરત કરશનભાઈ ચાવડા સામે કેશોદ પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીનાં પિતાની જમીન આ કામનાં આરોપીઓની જમીનની બાજુમાં આવેલ હોય અને ફરીયાદી ચાલીને જતા હોય ત્યારે આ કામનાં આરોપીઓએ ફરીયાદી સાથે ઝગડો કરી જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ છે.

### આવતીકાલે જગન્નાથ મંદિરનો ભંડારો ફરી ખુલશે

# શુભ મુહૂર્તમાં વીડિયોગ્રાફી સાથે ખજાનાનું સ્થળાંતર થશે

### ઓડિશામાં સ્થિત ૧૨મી સદીના જગન્નાથ મંદિરમાં પ્રાચીન ખજાનાની અંદરની કક્ષ આવતીકાલે ૧૮ જુલાઈએ ફરી ખોલવામાં આવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

ઓડિશા, તા.૧૭

શ્રી જગન્નાથ મંદિર પ્રશાસન ગુરુવારે રત્ન ભંડારની અંદરની ચેમ્બરને ફરીથી ખોલશે જેથી તેમાં હાજર ઝવેરાતને અસ્થાયી ભંડારમાં ખસેડી શકાય. પુરીમાં સ્થિત 12મી સદીના જગન્નાથ મંદિરમાં ભગવાનનો આ ખજાનો 46 વર્ષ પછી 14 જુલાઈના રોજ સમારકામ માટે ખોલવામાં આવ્યો હતો. રત્ન ભંડારને ફરીથી ખોલવાનો નિર્ણય શ્રી જગન્નાથ મંદિર પ્રશાસન ના મુખ્ય પ્રશાસક અરબિન્દા પાધી, રત્ના ભંડાર, પુરીના કલેક્ટર સિદ્ધાર્થ શંકર સ્વેન અને અન્ય અધિકારીઓની દેખરેખ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી સમિતિના અધ્યક્ષ વિશ્વનાથ રથની બેઠકમાં લેવામાં આવ્યો હતો.એજન્સી અનુસાર, મીટિંગ પછી વિશ્વનાથ રથે કહ્યું કે અમે 18 જુલાઈના રોજ સવારે 9:51 થી 12:15 વચ્ચે ફરીથી તાળાઓ ખોલીશું અને આંતરિક રત્ન સ્ટોરમાં પ્રવેશ કરીશું. તેમાં હાજર કિંમતી સામાનને હંગામી સ્ટોર રૂમમાં શિફ્ટ કરવામાં આવશે. ASI સભ્યો તેનું મૂલ્યાંકન કરશે. સમગ્ર કાર્યક્રમની વિડીયોગ્રાફી કરવામાં આવશે.વિશ્વનાથ રથે જણાવ્યું હતું કે કિંમતી ચીજવસ્તુઓ ધરાવતા તમામ બોક્સને સ્થાનાંતરિત કરવામાં સામેલ લોજિસ્ટિકલ મુશ્કેલીઓને કારણે, કન્ટેનરમાં રાખવામાં આવેલા આભૂષણોને મંદિર સંકુલમાં અસ્થાયી તિજોરીમાં ખસેડવામાં આવશે. અહીં સીસીટીવી કેમેરા અને અન્ય જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે. બહારના રૂમમાંથી કિંમતી ચીજવસ્તુઓ પહેલેથી જ ખસેડવામાં આવી છે.ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ જસ્ટિસ વિશ્વનાથ રથે જગન્નાથ મંદિરના રત્ન ભંડાર અંગે બેઠક યોજી હતી.

આ દરમિયાન, તેમણે કહ્યું કે, 14 જુલાઈએ, સરકારના SOPને અનુસરીને, અમે આઉટર જેમ સ્ટોર ખોલ્યો અને તેમાંની તમામ વસ્તુઓ ખસેડી અને તેની ચાવી જવાબદાર સભ્યોને સોંપવામાં આવી. આ સિવાય અંદરના રત્ન સ્ટોરની ચાવીઓ તિજોરીમાંથી આવી હતી, પરંતુ ચાવીઓ કામ કરતી ન હતી.આ પછી, સરકારના SOP મુજબ તાળું તોડીને ખોલવામાં આવ્યું હતું. આ પછી, તે દિવસે ઓછો સમય હતો, તેથી એક નવું તાળું મંગાવવામાં આવ્યું હતું અને ચાવી તિજોરીને સોંપવામાં આવી હતી. તે દિવસે ઘણું કામ થયું. હવે બેઠક બોલાવવામાં આવી છે. બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે 18 જુલાઈના રોજ સવારે 9:51 થી 12:25 સુધીનો શુભ સમય છે, આ દરમ્યાન રત્ન ભંડાર ખોલવામાં આવશે.પહેલા આપણે બહારના રત્ન સ્ટોર પર જઈશું, પછી આપણે અંદરના રત્ન સ્ટોરમાં જઈશું અને તેનો સ્ટોક લઈશું. આ સમગ્ર પ્રક્રિયાનું પહેલું શિડ્યુલ ખુલી રહ્યું છે, ત્યારબાદ બીજું શેડ્યૂલ શિફ્ટ થઈ રહ્યું છે. પછી ત્રીજું શિડ્યુલ સમારકામનું છે. અંદરના રત્ન ભંડારમાં કેટલું છે આ પ્રશ્નના જવાબમાં વિશ્વનાથ રથે કહ્યું કે તેમાં શું છે તે અમે પહેલાથી જ કહી દીધું છે, તે હજી ખોલવામાં આવ્યું નથી, તે દિવસે વધારે સમય નહોતો. સ્થળાંતર સમયે ફરીથી વિડિયોગ્રાફી કરીશું.પુરી જગન્નાથ મંદિરના રત્ન ભંડારની અંદરની ચેમ્બર અંગે એસજેટીએના ચીફ એડમિનિસ્ટ્રેટર અરવિંદ પાધીએ કહ્યું કે તમે જાણો છો તેમ, બહારનું અને અંદરનું રત્ન ભંડાર 14 જુલાઈએ ખોલવામાં આવ્યું હતું. બહારના રત્ન ભંડારમાં તમામ કિંમતી ઝવેરાત તે જ દિવસે તે જ સંકુલમાં બનેલા અસ્થાયી સ્ટ્રોંગ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા, પરંતુ અંદરના રત્ન ભંડારમાં તમામ કિંમતી ઘરેણાં શિફ્ટ થઈ શક્યા ન હતા.

### ઈન્ડિયા સેમિકન્ડકટર પ્રોગ્રામ હેઠળ ગુજરાતમાં ૧૪ બિલિયન અમેરિકન ડોલરથી વધુનું રોકાણ થશે

# મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ૧૯મીએ મહાત્મા મંદિર ખાતે સેમિકનેક્ટ કોન્ફરન્સ યોજાશે



ગાંધીનગર,તા.૧૭

૧૯ જુલાઈએ મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે ગુજરાત સેમીકનેકટ કોન્ફરન્સનું ઉદઘાટન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કરાશે. જેમાં વિશ્વભરના અગ્રણી સેમીકન્ડકટર સપ્લાય-ચેઈન ઉદ્યોગોના ટોચના અધિકારીઓ ભાગ લેશે. ગુજરાતમાં સેમી-કન્ડકટર મેન્યુફેકચરીંગ પ્રોજેકટસની જેઓ સ્થાપના કરવાના છે.

તેવા (૧) માઈક્રોન ટેકનોલોજી (૨) ટાટા ઈલેકટ્રોનીકસ અને (૩) સીજી પાવર ઉપરાંત જે અન્ય ત્રણ પ્રોજેકટ મંજુર કરાયા છે તેમના પ્રતિનિધિઓ આ કોન્ફરન્સ માટે સરકાર સાથે નોલેજ પાર્ટનર્સ તરીકે સહયોગ કરી રહ્યા છે. ઈન્વેસ્ટ ઈન્ડિયા અને આઈએસએમ (ઈન્ડિયા સેમીકન્ડકટર મિશન) પણ નોલેજ પાર્ટનર્સ તરીકે કોન્ફરન્સમાં ભાગ લઈ લેશે.

આ કોન્ફરન્સ આ મુખ્ય પ્રોજેકટના સમર્થકો વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયાઓને જોડવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે. આ કોન્ફરન્સ રસાયણ, ગેસ, ઓટોમેશન, ઈલેકટ્રોનિકસ, આઈટી અને અન્ય સંલગ્ન ક્ષેત્રોમાં કામ કરતા સ્થાનિક ધોરણો અને પરિયોજનાના હિમાયતીઓને જોડતી કડી તરીકે કામ કરશે.

### રામાનંદ સાગર ઘરે ઘરે ફેમસ છે

# ‘રામાયણ’ના નિર્માતા હવે ભગવાન કૃષ્ણ પર ફિલ્મો અને વેબ સિરીઝ બનાવશે

### રામાનંદ સાગરની રામાયણ આવી તેના ૩ દાયકાથી વધુનો સમય થઈ ચૂક્યો છે પરંતુ તેમ છતાં આ સિરીયલનો ઝલવો ચાલુ જ છે



મુંબઈ, તા.૧૭

રામાનંદ સાગરની રામાયણ આવી તેના ૩ દાયકાથી વધુનો સમય થઈ ચૂક્યો છે પરંતુ તેમ છતાં આ સિરીયલનો ઝલવો ચાલુ જ છે. કોરોના મહામારીમાં પણ આ સિરીયલને ચાહકોનો ખુબ પ્રેમ મળ્યો હતો. હવે આ સિરીયલની સફળતા ને જોઈ સાગર પિકચર્સ એન્ટરટેનમેન્ટ પ્રોડક્શન હાઉસે મોટો નિર્ણય લીધો છે. તે ભગવાન કૃષ્ણ પર એક ફિલ્મ અને વેબ સીરિઝ બનવવાનું વિચારી રહ્યા છે. આવું પહેલી વખત નથી કે, જ્યારે આ પ્રોડક્શન હાઉસ ભગવાન કૃષ્ણ પર કોઈ પ્રોજેક્ટ લાવી રહ્યું હોય, કૃષ્ણના ટાઈટલ પહેલા પણ એક ટીવી શો આવી ચૂક્યો છે જે ખુબ હિટ રહ્યો હતો. હવે મેકર્સ ફરી એક વખત કૃષ્ણ પર નવા પ્રોજેક્ટ સાથે આવવાની તૈયારીમાં છે. ટ્રેડ એનાલિસ્ટ તરણ આર્દશે આ વાતની જાણકારી શેર કરી છે. તેમણે લખ્યું કે, રામાયણના ક્રિએટર્સ સાગર પિકચર્સ એન્ટરટેનમેન્ટ, ભગવાન કૃષ્ણ પર ફિલ્મ અને વેબ સીરિઝ લાવવાની તૈયારીમાં છે. જેમાં નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મ ૧૯૭૧ બનાવનારનું સહ-નિર્માણ હશે. આ એક મોટો પ્રોજેક્ટ હશે અને તેમાં સમગ્ર ભારતની સ્ટારકાસ્ટ હશે. ઈન્ટરનેશલ VFX કંપની પણ આમાં સામેલ થશે. આ મેગા પ્રોજેક્ટ વિશે હજુ સુધી વધુ માહિતી પ્રાપ્ત થઈ નથી.રામાનંદ સાગરે ભારતને ૨ મોટી સીરિયલ આપી છે. તેનો પહેલો શો રામયણ સુપરહિટ રહ્યો અને કૃષ્ણા સીરિયલને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. આ સીરિલે અરુણ ગોવિલ, દીપિકા ચીખલિયા, દારા સિંહ, સુનીલ લહરી જેવા સ્ટાર ઘરે ઘરે પોપ્યુલર થયા છે. હવે ચાહકો ભગવાન શ્રી કૃષ્ણ પર આધારિત વેબ સીરિઝની રાહ જોઈ રહ્યા છે.

### દેવેન્દ્ર યાદવે કાર્યકરોને કહ્યું

# ‘કોંગ્રેસ દિલ્હી વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડશે’

### દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનના ઈન્ડિયા બ્લોકમાંથી અલગ થવાનો ગણગણાટ તેજ બન્યો છે



નવી દિલ્હી, તા.૧૭

દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનના ઈન્ડિયા બ્લોકમાંથી અલગ થવાનો ગણગણાટ તેજ બન્યો છે. આ ક્રમમાં, મંગળવારે દિલ્હી કોંગ્રેસના પ્રમુખ દેવેન્દ્ર યાદવે પાર્ટી કાર્યકર્તાઓને કહ્યું કે કોંગ્રેસ આગામી વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડશે, કારણ કે AAP સાથે તેનું ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી માટે હતું.દિલ્હી કોંગ્રેસના વડા દેવેન્દ્ર યાદવે દાવો કર્યો હતો કે તાજેતરની લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટીની વોટ ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયા બાદ કાર્યકરો અને સામાન્ય લોકોમાં નવો ઉત્સાહ છે. આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટી વધુ સારું પ્રદર્શન કરશે, કારણ કે લોકો હવે પરિવર્તનની રાહ જોઈ રહ્યા છે.પ્રીત વિહારમાં ક્રિષ્ના નગર જિલ્લા કોંગ્રેસ સમિતિના અધિકારીઓની બેઠકને સંબોધતા તેમણે કહ્યું કે બ્લોક અને જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠકોએ બૂથ સ્તરે પાર્ટીને મજબૂત કરવા કાર્યકરોને સક્રિય કર્યા છે. દિલ્હી વિધાનસભામાં કોંગ્રેસને ફરી સત્તામાં લાવશે.તેમણે પોતાના નિવેદનમાં કાર્યકરોને વધુમાં જણાવ્યું હતું કે, આગામી ચૂંટણીમાં કોંગ્રેસ એકલા હાથે લડશે. કારણ કે AAP સાથે ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી માટે જ હતું.તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને લોકોનું સ્પષ્ટ સમર્થન મળ્યું છે, કારણ કે ચૂંટણીમાં પાર્ટીની વોટ ટકાવારી વધી છે અને આ સ્પષ્ટ સંકેત છે કે લોકો કોંગ્રેસ એકલા હાથે વિધાનસભા ચૂંટણી લડે તેવું ઈચ્છે છે.યાદવે આરોપ લગાવ્યો કે લોકો પાણીની તંગી, વીજળીના દરમાં વધારો, પાણી ભરાવા અને પાણીની ચોરીથી પીડાઈ રહ્યા છે કારણ કે સત્તામાં રહેલી સરકાર તેમની સમસ્યાઓ હલ કરવાને બદલે માત્ર બહાના બનાવે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમામ જિલ્લા કોંગ્રેસ સમિતિઓ ડિસ્કોમ દ્વારા વીજળીના દરમાં લગભગ નવ ટકા વધારા માટે દિલ્હી સરકાર સામે વિરોધ કરશે. સમગ્ર દિલ્હીમાં ૫૦ થી વધુ સ્થળોએ દેખાવો કરવામાં આવશે. અન્ય નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેમણે દિલ્હીના લોકોને કોંગ્રેસના પ્રદર્શનમાં હજારોની સંખ્યામાં જોડાવા અપીલ કરી છે કારણ કે પાર્ટી ગ્રાહકોના હિત માટે લડી રહી છે.

### એર ઈન્ડિયાએ વેકેન્સી બહાર પાડી હતી

# નોકરીના ઈન્ટરવ્યુ માટે યુવાનોની ભારે ભીડ પહોંચી

નવી દિલ્હી, તા.૧૭

એર ઈન્ડિયા એરપોર્ટ સર્વિસ લિમિટેડે ઘણી જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી હતી. આ ભરતીઓ માટે, હજારો યુવાનો મંગળવારે મુંબઈના કાલીના પહોંચ્યા, જ્યાં કંપનીએ ૨૨૧૬ એપ્રેન્ટિસ નોકરીઓ માટે વોક-ઈન ઈન્ટરવ્યુનું આયોજન કર્યું હતું.વોક-ઈન ઈન્ટરવ્યુ માટે મુંબઈના કાલીનામાં હજારો યુવાનોની ભીડ એકઠી થઈ હતી, ત્યારબાદ સ્થિતિ નિયંત્રણ બહાર થઈ ગઈ હતી. આ પછી કંપનીએ ઈન્ટરવ્યુ માટે આવેલા યુવકોને તેમનો સીવી છોડી દેવા કહ્યું.એવિએશન ઈન્ડસ્ટ્રી એમ્પ્લોઈઝ ગિલ્ડના જનરલ સેક્રેટરી જ્યોર્જ અબ્રામ્સે જણાવ્યું હતું કે કાર્યક્રમનું ગેરવ્યવસ્થાપન કરવામાં આવ્યું હતું. હજારો જગ્યાઓ પર ભરતી માટે લોકોને બોલાવવામાં આવ્યા હતા. તેને પૈસાના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે બોલાવવામાં આવ્યો હતો, પરંતુ અમે તેને કહ્યું હતું કે આ સમયે પૈસા ન લો, તેને પછી બોલાવવામાં આવશે.તાજેતરમાં ગુજરાતના ભરૂચમાં આવેલી એક હોટલમાં નોકરી માટેનો ઈન્ટરવ્યુ યોજાયો હતો. આ દરમિયાન અહીં અરજદારોની ભીડ જામી હતી. ઈન્ટરવ્યુ માટે ઉમટી પડેલી ભીડમાં નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભરૂચના અંકલેશ્વરમાં ખાનગી કંપનીમાં નોકરી માટે આ ઈન્ટરવ્યુ યોજાયો હોવાનું સામે આવ્યું છે. જેને લઈ યુવા અરજદારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ભીડ એટલી વધી ગઈ હતી કે તેને કાબૂમાં રાખવું મુશ્કેલ બની ગયું હતું.આ ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં બેકાબૂ યુવાનોનું ટોળું હોટલની બહારની રેલિંગ પર ચઢી ગયું હતું. જેના કારણે રેલિંગ તૂટી ગઈ અને અનેક યુવકો નીચે પડી ગયા. ઉપરાંત રેલિંગની સામે પાર્ક કરાયેલા વાહનોને પણ નુકસાન થયું હતું.

### :: અવસાન નોંધ ::

રાજકોટ : ગુર્જર સુતાર સ્વ.રતીભાઈ મોહનભાઈ વડગામા (ચિભડાવાળા)ના ધર્મપત્ની પ્રભાબેન રતીભાઈ વડગામા તે સ્વ.લક્ષ્મણભાઈ સુંદરજીભાઈ બામરોલીયાના દિકરી તથા સ્વ.હરેશભાઈ, પંકજભાઈ, મુકેશભાઈ, મીનાબેન હસમુખભાઈ ગજજર, રેખાબેન શાંતિલાલ સંચાણીયાના માતુશ્રી તથા કેયુરભાઈ, અમીતભાઈ, હિતેનભાઈ, વિનિતભાઈ, ડો.ત્વરાના દાદીમાંનું તા.૧૪-૦૭-૨૦૨૪ રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૮-૦૭-૨૦૨૪-ગુરૂવારે સાંજે ૪થી ૬ હેમુ ગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ મુકામે રાખેલ છે.

# દોલતપરામાં માતા-પુત્ર ઉપર તલવારથી હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

દોલતપરા રામ મંદિરનાં ચોરા પાસે રહેતા મહમંદભાઈ ઉર્ફે ઝીણકો પીપરવાળીયાએ નદીમ સલીમભાઈ, નયુમ સલીમભાઈ, મોસીન યુનુસભાઈ સામે એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપીઓ જુની વાતનું મનદુઃખ રાખી ફરીયાદી તથા ફરીયાદીનાં માતાને તલવાર, લોખંડના પાઈપ તથા છરી વડે હુમલો કરતાં એ ડીવીઝનનાં પીએસઆઈ બી.એમ. વાઘમસીએ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાંથી બે મોટર સાયકલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ સીવીલ હોસ્પીટલનાં પાર્કીંગમાંથી ઈવનગર ગામે રહેતા રાજુલભાઈ નરસીંહભાઈ બજાણીયાની મોટર સાયકલ નં. જીજે-૧૧-એજે ૪૬૨૪ કિંમત રૂા. ૨૫ હજારની કોઈ ચોરી કરી ગયાની એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવેલ છે.

આ ઉપરાંત ખામધ્રોળ રોડ પર રહેતા અલીઅકબરખાન ગુલામદસ્તગીરખાન બાબીની મોટર સાયકલ નં. જીજે-૧૧-કે ૩૨૨ જુમા મસ્જીદના મેઈન ગેટ પરથી કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ છે.

# ખંભાળિયા, ભાણવડમાં વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૭

ખંભાળિયા તાલુકાના કોલવા ગામે રહેતા દિલીપ હમીરભાઈ નંદાણીયા નામના ૨૨ વર્ષના શખ્સને પોલીસે ખંભાળિયા-જામનગર હાઈવે પર એન.આર.ઈ. ગોલાઈ પાસેથી રૂા. ૪,૫૦૦ ની કિંમતના વિદેશી દારૂના ૪૫ ચપલા સાથે ઝડપી લઈ, ગુનો નોંધ્યો હતો.

અન્ય એક દારૂની કાર્યવાહીમાં ભાણવડ પોલીસે ભોરીયા ગામે રહેતા અમૃત ઉર્ફે અમુ ભલા સોંદરવા નામના ૫૨ વર્ષના શખ્સને રૂા. ૨,૪૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૬ બોટલ સાથે ઝડપી લીધો હતો.

આ દારૂ તેણે મોરઝર ગામના વિજય ઉગા બગડા નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ્યું હતું. તેથી પોલીસે અમૃત ઉર્ફે અમુ સોંદરવાની અટકાયત કરી, વિજય બગડાની શોધખોળ હાથ ધરી છે.

# માખીયાળામાં મહીલાને જાનથી મારી નાખવાની ધમકી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ તાલુકાનાં માખીયાળા ગામે રહેતા રાધાબેન લીંબાભાઈ ઠેસીયાએ વિશાલ સુરેજ ગજેરા, વિપુલભાઈ ધીરૂભાઈ ગજેરા સામે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આ કામનાં આરોપીઓએ ફરીયાદીને ધુળ નાખેલ હોય જે બાબતે મનદુઃખ રાખી ફરીયાદી તથા સાહેદ લીંબાભાઈને ભુંડી ગાળો આપી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ છે.

# જૂનાગઢમાં મહોર્રમની ઉજવણી પ્રસંગે વોર્ડ નં.૮માં કલાત્મક તાજીયા બનાવાયા



જૂનાગઢ તા.૧૭ : મહોર્રમ પ્રસંગે કલાત્મક તાજીયા બનાવવામાં આવતા હોય છે દરમ્યાન જૂનાગઢ શહેર વોર્ડ નં.૮માં મુલ્લાવાડા તાજીયા કમીટી દ્વારા તાજીયા બનાવવામાં આવ્યા છે. આ તાજીયા બનાવવામાં સોહિલખાન પઠાણ અને શાહીદબાપુ સહિતના લોકો દ્વારા જહેમત ઉઠાવી રહયા છે.

# અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ દ્વારા સરકારના ફી ઘટાડાનાં નિર્ણયને આવકાર્ય

જૂનાગઢ, તા.૧૭

અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ દ્વારા સતત સુલભ અને સુચારૂ શિક્ષણ વ્યવસ્થા માટે પ્રયત્નો કરતું આવ્યું છે. **GMERS** મેડિકલ કોલેજોની સ્થાપના ગુજરાતમાં મેડિકલ શિક્ષણ ઓછા અને સામાન્ય વર્ગનો વિદ્યાર્થી પણ મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરી શકે તે હેતુથી કરવામાં આવી હતી. ૨૦૧૦થી લઈને આજ સુધી ૫-૫ વર્ષના અંતરમા ખૂબ જ નજીવો વધારો ફીમાં કરવામાં આવેલ છે. વર્તમાન સમયને ધ્યાને રાખતા અને હાલની શિક્ષણ સહુલયતોને ધ્યાને રાખતા ફિમાં ફેરબદલ કે વધારો આવશ્યક પણ છે. અ.ભા.વિ.પ દ્વારા **GMERS** મેડિકલ કોલેજોની ફીમાં અસત્ય અને અતાર્કિક વધારા સામે ગુજરાતની તમામ ૧૩ મેડિકલ કોલેજોમાં ઉગ્ર આંદોલન કરીને ફી ઘટાડા માટેની માંગ કર્યા બાદ ગર્વમેન્ટ ક્વોટાની ફીમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી **(GMERS)**ની ૧૩ મેડિકલ કોલેજમાં સરકારી ક્વોટાની ૭૫ ટકા એટલે કે ૧૫૦૦ જેટલી સીટ ઉપર ૩:૩૦ લાખથી અધધ વધારીને ૫.૫૦ લાખ ફી જાહેર કરવામાં આવી હતી. અને મેનેજમેન્ટ ક્વોટાની વાર્ષિક ફી ૯.૭૫ લાખથી વધારી ૧૭ લાખ કરવામાં આવી હતી. પરંતુ વિદ્યાર્થી પરિષદ ની ગુજરાત ભરમાં ઉગ્ર રજૂઆત બાદ **GMERS** કોલેજો ની ફીમાં ઘટાડો કરવામાં આવ્યો, જેમા ગવર્નમેન્ટ ક્વોટોમાં ? ૩.૭૫ લાખ અને મેનેજમેન્ટ ક્વોટોમાં ? ૧૨ લાખ ફી સરકાર દ્વારા નવુ ફી માળખું જાહેર કરવામાં આવ્યું છે. અ.ભા.વિ.પ ગુજરાત પ્રદેશ મંત્રી સમર્થભાઈ ભટ્ટ જણાવે છે કે, "વિદ્યાર્થી પરિષદના ઉગ્ર આંદોલન બાદ ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થી હિતને ધ્યાનમાં રાખીને બે લાખ જેટલી ફીમાં ઘટાડો કરવામાં આવ્યો છે, જે નિર્ણયને વિદ્યાર્થી પરિષદ સહર્ષ આવકારે છે. આ જીત સમગ્ર વિદ્યાર્થી જગતની છે. સાથે જ મેનેજમેન્ટ કોટાની ફી મુદ્દે હજુ પણ પુનઃવિચારણા કરવાનો આગ્રહ સરકારને કરે છે. વિદ્યાર્થી પરિષદ દ્વારા મેડીકલ ક્ષેત્રે સંકળાયેલા અને પ્રવેશ લેવા ઈચ્છુક ઉમેદવારો અને તેમના વાલીઓ સાથે ચર્ચા વિચારણા કરીને મેનેજમેન્ટ કોટાની ફી મુદ્દે આગામી નિર્ણય લેવામાં આવશે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા માર્ગદર્શન કાર્યશાળા યોજાઇ

## જૂનાગઢ જીલ્લામાં યુવાઓ માટે ઉદ્યોગ અને ઉત્પાદક યુનિટો સ્થાપવાની વિપુલ તકો સમાયેલી છે- આનંદ ભાડલકર





જૂનાગઢ, તા.૧૭

રાજય સરકારનાં ટેકનોલોજીકલ વિભાગનું સાવલી ટેક્નોલોજી અને બીઝનેશ ઈક્યુબેટર સેન્ટર વડોદરનાં નિયામક આનંદ ભાડલકરનાં નેતૃત્વમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ અને સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈનોવેશન સેલનાં સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા અંગે માર્ગદર્શન સેમિનાર યુનિવર્સીટીનાં રજીસ્ટ્રાર ડી.એચ. સુખડીયાનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યશાળામાં પ્રારંભે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો.(ડો.) સુહાસ વ્યાસે વિદ્યાર્થીઓ અને આમંત્રીત અતિથીઓને આવકારી કાર્યશાળાની ભુમિકા રજુ કરી, યુનિનાં લાઈફ સાયન્સ ક્ષેત્રે વિદ્યાભ્યાસ કરતા છાત્રોને સંબોધતા જણાવ્યુ હતુ કે જૈવ વિજ્ઞાનક્ષેત્રે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા અનેકવિધ સંશોધનો થઈ રહ્યા છે. ત્યારે સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમ એન્ડ એન્ટરપ્રિનીયરશીપ ડેવલપમેન્ટ વર્કશોપ ખરા અર્થમાં વિદ્યાર્થીઓને જીવનોપયોગી બની રહેશે. કાર્યક્રમનાં અધ્યક્ષ અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં રજિસ્ટ્રાર ડો. ડી.એચ. સુખડીયાએ ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે આગળ વધવા માંગતા વિદ્યાર્થીઓને જૂનાગઢ જિલ્લાનાં વન-સાગર અને કૃષિની અપાર કુદરતી સંપદાઓ વ્યવસાય વર્ધક બનવા ઉપયોગી બને તેમ છે,તેમ જણાવી ઉમેર્યુ હતુ કે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાંલાઈફ સાયન્સ વિભાગ દ્વારા હાથ ધરાતા વિવિધ સંશોધનો વિદ્યાર્થીઓને જીવન ઘડતરમાં વ્યવસાયીક ક્ષેત્રે ઉપયોગી બનશે. વડોદરાનાં સાવલી સ્થિત ટેક્નોલોજી એન્ડ બીઝનેશ ઈન્ક્યુબેટર સેન્ટરનાં નિયામક ડો.આનંદ ભાડલકરે ગુજરાતનાં યુવાનોને વિવિધ ક્ષેત્રે વ્યવસાયીક સહાયતા અંગે રાજય સરકાર અને ભારત સરકાર દ્વારા મળવા પાત્ર વિવિધ સહાય યોજનાઓની જાણકારી આપી હતી.ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. નાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા વિવિધ સંશોધનો સંશોધનકર્તા છાત્રોને વ્યવસાયીક ક્ષેત્રે કેવી રીતે પ્રોત્સાહક બની શકે તેની બૃહદ જાણકારી આપી હતી.સાથે જૂનાગઢ જિલ્લામાં યુવાનો માટે ઉદ્યોગ અને ઉત્પાદક યુનિટો સ્થાપીને વ્યવસાય ક્ષેત્રે આગળ વધવાની વિપુલ તકો સમાયેલી છે તેમ જણાવ્યુ હતુ. કાર્યશાળામાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરી દ્વારા તેમનાં પ્રશ્નોની માહિતી મેળવી હતી. ડો. સુહાસ વ્યાસ. ડો.જતિન રાવલ અને ટીમ દ્વારા ડો. આનંદ ભાડલકરને યુનિ.ની સ્મૃતિચિહ્ન એનાયત કરી બહુમાન કર્યુ હતુ. કાર્યક્રમનાં અંતે ડો. રાજેશ રવિયાએ આભાર દર્શન કર્યુ હતું.

# પૂજ્ય મોરારી બાપૂએ શાળાની વિદ્યાર્થીનીને આત્મહત્યાના વિચારોમાંથી બહાર આવવામાં મદદ કરી

નોર્વે, તા.૧૭

નોર્વેના શાંત શહેર ટ્રોમ્સોમાં રામચરિત માનસના પ્રચારક અને આધ્યાત્મિક ગુરૂ પરમ પૂજ્ય મોરારી બાપૂએ રામકથા દરમ્યાન એક હૃદયસ્પર્શી વાર્તાનું વર્ણન કરતાં સમગ્ર માહોલ ભાવનાઓથી છલકાઇ ગયો હતો. વિશ્વભરમાં પોતાના જ્ઞાન અને કરૂણા માટે પ્રખ્યાત પૂજ્ય બાપૂએ એક એવી ઘટનાનું વર્ણન કર્યું હતું કે જેણે ઉપસ્થિત દરેક લોકોના હૃદયને સ્પર્શી લીધી હતી અને દરેક વ્યક્તિને જીવનની અનમોલતા અને કરૂણાની શક્તિનો પરિચય કરાવ્યો હતો. રામકથામાં પૂજ્ય મોરારી બાપૂએ કહ્યું હતું કે મીનલ નામના તેમની કથાના એક શ્રોતા આંખમાં આંસુ સાથે તેમની પાસે આવ્યાં અને તેમની પુત્રી શિવાનીના સંઘર્ષ વિશે વાત કરી. મીનલે પૂજ્ય બાપૂને કહ્યું કે શિવાની ગંભીર ડિપ્રેશનથી પીડિત હતી અને સ્કૂલમાં તેને પરેશાન કરવામાં આવતાં તેણે આત્મહત્યા કરવાનો પણ વિચાર કર્યો હતો. તેમને હૂંફ અને સહાનુભૂતિ સાથે મોરારી બાપૂએ શિવાનીને પોતાની પાસે બોલાવી અને ધીમેથી પૂછ્યું કે શું તે રામનામી શાલ આપશે, જે બાપૂએ તેને આપી હતી. શિવાનીએ દ્રઢતાથી જવાબ આપ્યો કે તે ક્યારેય આપશે નહીં કારણકે આ શાલ તેના માટે મૂલ્યવાન ગિફ્ટ છે. એક કોમળ સ્મિત સાથે પૂજ્ય બાપૂએ જવાબ આપ્યો કે, જ્યારે મેં આપેલી રામનામી શાલ આપવા તમે તૈયાર નથી તો શા માટે પ્રભુએ આપેલું સુંદર જીવન ત્યજી દેવા માગો છો?

પૂજ્ય બાપૂએ તેને સમજાવ્યું છે જીવનમાં સંઘર્ષ અને જીત છે, તેનો આદર અને ઉજવણી કરવી જોઈએ. બાપૂના પ્રેમ અને સમજણથી ભરપૂર શબ્દો શિવાની અને શ્રોતાઓને સ્પર્શી ગયાં. મોરારી બાપૂએ તેને ફરી ક્યારેય આત્મહત્યા કરવાનો વિચાર ન કરવા વિનંતી કરી. તેમણે સલાહ આપી કે જો તે સ્કૂલ જવા ન ઈચ્છતી હોય તો તે ઓનલાઈન અભ્યાસ કરી શકે છે. તેની નૃત્ય પ્રતિભાની ઓળખ કરતાં બાપૂએ તેને ભેટ શ્રોતાઓ સાથે શેર કરવા પ્રેરિત કરી હતી.

આ હૃદયસ્પર્શી વાત સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ છે, જે વિશ્વભરના લોકોને ખૂબજ સ્પર્શી છે. મોરારી બાપૂની કરૂણા અને જ્ઞાન



અસંખ્ય હૃદયોને સ્પર્શી ગયા છે, જે દરેકને સહાનુભૂતિ, કરુણા અને જીવનના સહજ મૂલ્યની યાદ અપાવે છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ત્રિદિવસીય માનવ સંસાધન વિકાસ તાલીમ યોજાઇ





જૂનાગઢ તા.૧૭

કુલપતિ ડો.વી.પી. ચોવટીયાની પ્રેરણાથી અને વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એન.બી.જાદવના અધ્યક્ષ સ્થાને તા.૧૫/૦૭/૨૦૨૪ ના રોજ કિસાન વિકાસ ભવન, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તેમજ એક્ષટેન્શન એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ, આણંદના સયુંકત ઉપક્રમે ત્રિદિવસીય માનવ સંસાધન વિકાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૪૦ જેટલા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તથા આત્મા પ્રોજેક્ટ, ગીરસોમનાથ અને જૂનાગઢના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એન.બી.જાદવ એ જણાવ્યુ કે, આ તાલીમ દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓની સોફ્ટ સ્કીલમાં વધારો થાય તેમજ તેઓમાં નેતૃત્વનો વિકાસ થાય અને સ્ટ્રેસ તથા સમયનું કઈ રીતે વ્યવસ્થાપન થાય જેવા વિષયો પર તાલીમબદ્ધ કરવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમનું સંચાલન સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો.એચ.સી. છોડવડીયા તેમજ રીસર્ચ એસોસિએટ ડો.ક્રિમ્પલ આર ખુંટે કર્યુ હતું.

# ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ અન્વયેનું સુધારા જાહેરનામું

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ જિલ્લામાં હોટલ, ગેસ્ટહાઉસ, ધાબા, મંદિર, મસ્જિદ, વિશ્રામગૃહ તેમજ હોસ્પિટલો દ્વારા આઈ.વી.એફ.આર.ટી. પ્રોજેક્ટ હેઠળ **www. indianfrro. gov.in/ frro** વેબસાઈટ ઉપર નોંધણી અંગે જાહેરનામું તેમજ સમગ્ર જૂનાગઢ વિસ્તારમાં ઘરઘટીના નામ સરનામાં વગેરેની માહિતી નિયત સમયે પોલીસ સ્ટેશનને આપવા માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

તેમની કલમો અનુક્રમે “ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪” શબ્દને બદલે “ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩” તથા “ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૪”શબ્દને બદલે “**MNS**, ૨૦૨૩ ની કલમ-૨૩૩”. તેમજ “સી.આર.પી.સી. કલમ-૧૪૪” કે “ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪” શબ્દને બદલે “ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩” તથા “ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮” સબ્દોને બદલે “**MNS**, ૨૦૨૩ ની કલમ-૨૨૩” શબ્દો વાંચવા પૂરતો સુધારો કરવામાં આવે છે.

# જૂનાગઢની બહાઉદીન સરકારી વિનયન કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો બીજ વિતરણ અને વૃક્ષારોપણ સાથે પ્રવેશ મળ્યો



જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેરમા આવેલ સવા સો વર્ષથી વધારે જૂની એવી બહાઉદીન સરકારી વિનયન કોલેજમાં ચાલુ વર્ષે નવો પ્રવેશ મેળવતા એફ.વાય. બી.એ.ના વિદ્યાર્થીઓ માટે ભારતીય પરંપરા મુજબ પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે કોલેજમા અભ્યાસ કરી ચુકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ હોંગકોંગ નિવાસી ઉદ્યોગપતિ વિજયભાઈ શેઠ અનસુયાબેન શેઠ તથા મેઘનાબેન શેઠ, બીજ બેંકના ઉપક્રમથી જાણીતા ભરતભાઈ નસીત અને મીતાબેન નસીત ઉપરાંત બહાઉદીન સાયન્સ કોલેજના આચાર્ય ડો. આર.પી .ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનું ભરતભાઈ દ્વારા આપવામાં આવેલ બીજ વિતરણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ બીજ જંતુનાશક દવા વગરના હોય પારંપરિક રીતે મૂળભૂત શાકભાજીને સાચવવાનો અને પ્રાકૃતિક આહાર મેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના પ્રાધ્યાપક દ્વારા વિદ્યાર્થીઓને કોલેજનો પરિચય આપી માહિતગાર કરવામા આવ્યા હતા. આ તકે કોલેજના આચાર્ય ડો. પી.વી. બારસિઆ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે કોલેજના એન.એસ.એસ સેલ દ્વારા “એક વૃક્ષ માં કે નામ” અભિયાન અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો. જેમાં સર્વ અતિથિઓ પ્રાધ્યાપકો અને નવાગંતુક વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. અંતે કાર્યક્રમના સફળ આયોજન બદલ આચાર્ય શ્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કલ્યાણપુરના ગ્રામ્ય વિસ્તારની શાળા આચાર્યને નિવૃત્તિ વિદાયમાન અપાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

કલ્યાણપુર તાલુકાના બાંકોડી ગામે આવેલી સરકારી તાલુકા શાળાના આચાર્ય ખીમભાઈ બૈડીયાવદરાનો નિવૃત્તિ સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, ટી.પી.ઈ.ઓ. જીવાભાઈ હાથલીયા, તાલુકા સંઘના પ્રમુખ કરસનભાઈ રાવલીયા, બાંકોડી ગામના સરપંચ ડાડુભાઈ બૈડીયાવદરા, માજી સરપંચ સામતભાઈ ગોજીયા, મંડળીના મંત્રી રાણાભાઈ, વિગેરે સહિત આચાર્ય અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ખીમભાઈ બૈડિયાવદરાએ ૨૭ વર્ષ આ શાળામાં શિક્ષક તથા આચાર્ય તરીકે ફરજ બજાવી હતી. આ ઉપરાંત વર્ષોથી પ્રાથમિક શિક્ષક



સંઘમાં શિક્ષકોના પ્રશ્નો માટે પ્રયત્નશીલ રહ્યા હતા. શિક્ષણની સાથે સાથે સમાજ સેવામાં પણ તેઓ અગ્રેસર રહ્યા હતા. આ બદલ ઉપસ્થિત સૌ કોઈએ તેમનું સ્મૃતિચિહ્ન આપી, સાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ આ સમગ્ર આયોજન માટે બાંકોડી તાલુકા શાળાના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# વૈદિક રૂદ્રીનું મહત્વ

‘વેદ શિવઃ શિવો વેદઃ’ વેદ શિવ’ એટલે કે ભગવાન શિવ જ વેદ સ્વરૂપ છે અને નારાયણ સ્વરૂપ છે . જે કલ્યાણની સાત્વિક ભાવના સાથે શિવજીની રૂદ્રીની ઉપાસના કરે છે તેના બધા જ દુઃખો દૂર થાય છે અને જીવનમાં શાંતિ પામે છે રુદ્ર શબ્દનો અર્થ જોઈએ તો રૂદ્ર એટલે કે દુઃખ નાશક પાપનાશક અને જ્ઞાનદાતા છે. રૂદ્રી ત્રણ પ્રકારે આવે છે (૧) શુકલ યજુર્વેદિય ૨) કૃષ્ણ યજુર્વેદિય (૩) ઋગ્વેદીય.

આ ત્રણેય રૂદ્રીને વૈદોક્ત રૂદ્રી કહેવામાં આવે છે. તેમાં આપણે ત્યાં મુખ્યત્વે શુક્લ યજુર્વેદી રૂદ્રી બોલવામાં આવે છે. વેદ એ શિવ છે અને શિવ એ જ વેદ છે, એટલે કે મહાદેવજી વેદ સ્વરૂપે છે. ભારતીય સંસ્કૃતિમાં વેદનો મહિમા અપાર છે, આથી જે વેદના મંત્રો દ્વારા મહાદેવજીનું પૂજન કરવામાં આવે છે. શિવ અને રૂદ્ર બન્ને એક જ છે. સત એટલે કે દુઃખોને દૂર કરનાર સતમુ-દુઃખમું નાશયતીતિ રૂદ્રઃ રૂદ્રી તે વેદનો જ સાર છે. એટલે કે રૂદ્રીના મંત્રો વેદમાંથી લીપેલા છે. જેમ દૂધમાંથી જ માખણ અને તેમાંથી ઘી બને તેમ વેદના સાર રૂપ રૂદ્રી છે. રૂદ્રી મા ગૃહસ્થધર્મ. રાજપર્મ. જ્ઞાન, વૈરાગ્ય, અને શાંતિનું વર્ણન કરવામાં આવેલ છે જે મનુષ્ય રૂદ્રીના પાઠ કરે છે. હોમ કરે છે તે મનુષ્ય સ્વયં રૂદ્રરૂપ થઈ જાય છે. રૂદ્રીના મંત્રોના કેવળ શ્રાવણ માત્રથી જ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે તો બીજા જીવનના સામાન્ય બાબતો પણ સરળતાથી દૂર થાય છે. વેદનું મહત્વ જોઈએ તો પૃથ્વી અનેક તત્વોથી બનેલી છે. આકાશ, જળ, વાયુ, ગરમી (ઉષા), સંધ્યા તથા ઈન્દ્ર, સૂર્ય, ચંદ્ર,રુદ્ર, વિષ્ણુ વગેરે દેવતાઓની સ્તુતી રૂદ્રી માં સમાયેલ છે. રૂદ્રીના છ અંગ છે. પહેલા અધ્યાય માં શિવ સંકલ્પસુક્ત તે હૃદય છે. બીજો અધ્યાય પુરૂષસુક્ત તે સિર છે તેમજ ઉત્તર નારાયણ સુક્ત તે હૃદય છે. ત્રીજા અધ્યાયને આ પ્રતિરથ સુક્ત કહે છે તે કવચ છે . ચોથો અધ્યાય મૈત્રસુક્ત છે તે નેત્ર છે. પાંચમો અધ્યાય શતરુદ્રીય છેસંપૂર્ણ રૂદ્રીનું વર્ણન કરવું મુશ્કેલ છે અને હજુ સુધી પૂર્ણ રીતે કોઈ કરી શકેલ નથી, પરંતુ અહીં ટૂંક માં રજૂ કરૂ છું.

(૧) રૂદ્રીનો પહેલો અધ્યાય ગણપતિજીનો કહેવામાં આવે છે. તેમાં પહેલો મંત્ર પણ ગણપતિજીનો છે. બીજો અને ત્રીજો મંત્ર ગાયત્રી અદિ વૈદિક છન્દનો છે. ત્યારબાદના મંત્રોમાં તન્મે મનઃ શિવસંકલ્પ મસ્તુ પદ આવે છે. તેને શિવસંકલ્પસુક્ત કહેવામાં આવે છે. જે માનસિક શાંતિ આપનાર છે. પહેલા અધ્યાયમાં ૧૦ મંત્રો છે.

(૨) બીજો અધ્યાય વિષ્ણુ ભગવાનનો માનવામાં આવે છે. આ અધ્યાયને વિરાટ પુરૂષનો મહાયજ્ઞ કહેવામાં આવે છે. રૂદ્રીના બીજા અધ્યાયના મંત્રો ખાસ કરીને બધી જ ષોડસોપચાર પૂજામાં ઉપયોગ લેવામાં આવે છે. બીજા અધ્યાયના ૧૬ મંત્રો બાદના છ મંત્રોને ઉત્તર નારાયણ સુક્ત કહેવાય છે. વિષ્ણુ ભગવાનની ઉપાસના માટે શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના તથા શ્રી રામચંદ્ર ભગવાનની ઉપાસના માટે રુદ્રી નો શ્રેષ્ઠ છે આમ બીજા અધ્યાયમાં કુલ ૨૨ મંત્રો છે.

(૩) રૂદ્રીનો ત્રીજો અધ્યાય અપ્રતીરત સુક્ત કહેવામાં આવે છે. આ અધ્યાયના દેવતા ઈન્દ્ર માનવામાં આવે છે. આ અધ્યાયની ઉપાસનાથી શત્રુબળ ઓછુ થાય છે. એટલે જ ત્રીજા અધ્યાયને અપ્રતીરથ સુક્ત કહેવામાં આવે છે, ત્રીજા અધ્યાયમાં ૧૭ મંત્રો છે. એક માન્યતા પ્રમાણે આ અધ્યાય નો પાઠ કરવાથી પ્રેત પીડા દૂર થાય છે.

(૪) રૂદ્રીનો ચોથો અધ્યાય મૈત્ર સુક્ત કહેવામાં આવે છે. સૂર્ય ભગવાનની સ્તુતિ છે. સૂર્યનો વૈદોક્ત મંત્ર આજ અધ્યાયમાં છે. સૂર્ય ઉપાસના માટે આત્મબળ મેળવવા માટે રુદ્રી નો ચોથો અધ્યાય ઉત્તમ ગણવામાં આવે છે(૫) રૂદ્રીનો પાંચમો અધ્યાય સ્વયં મહાદેવજીનો તે ગણવામાં આવે અને શતરૂદ્રિય પણ કહેવામાં આવે છે. પાંચમાં અધ્યાયમાં મહાદેવજીનું વર્ણન છે. આ અધ્યાયનો પાઠ કરવાથી અથવા સાંભળવાથી બધા જ દુઃખો અને પાપો નો નાસ થાય છે. આ અધ્યાય મા મહાદેવજીના અનેક સ્વરૂપોનું વર્ણન છે. તથા રુદ્રી ના આ પાંચમા અધ્યાય માં સ્થાવર-જંગમ બધા જ વર્ણો જાતી મનુષ્ય, દેવ, પશુ, વનસ્પતિના સ્વરૂપોનું વર્ણન કરી માન આપવામાં આવે છે અને સિદ્ધ કરવામાં આવેલ છે. આ અધ્યાયમાં કુલ ૬૬ મંત્રો છે.

(૬) છઠ્ઠો અધ્યાય મહચ્છિરના રૂપમાં છે. તેમાં પહેલા મંત્રમાં સોમદેવતાનું વર્ણન છે તથા આ અધ્યાયમાં મહામૃત્યુંજય મંત્ર પણ છે. મહાદેવજીની પણ પ્રાર્થના મૃત્યુંજય મંત્રમાં છે. આ અધ્યાયમાં ૮ મંત્ર છે.

(૭) સાતમો અધ્યાય જટા કહેવામાં આવે છે. આ અધ્યાયમાં મરૂત દેવતાનું વર્ણન છે. આ અધ્યાયના ન પાછલા મંત્રોનો ઉપયોગ અન્તયેષ્ટિ કર્મમાં કરવામા આવે છે.

(૮) આઠમા અધ્યાયને ચમક અધ્યાય કહે છે. આ અધ્યાયના દેવતા અગ્નિ છે. મનુષ્ય જીવનમાં જેટલી સંસારિક વસ્તુની જરૂર હોય તે યજ્ઞ દ્વારા પ્રાપ્ત થાય તેમાં મંત્રો આ અધ્યાયમાં આપવામાં આવેલ છે તથા જનસેવા પરોપકારનું શુભ ભાવનાનું રહસ્ય પણ આજ અધ્યાયમાં છે. ૨૯ મંત્રોનો આ અધ્યાય છે. તે ઉપરાંત ઉપસંહારના ૨૪ મંત્રો છે જે શાંતિ અધ્યાયના રૂપમાં બોલવામાં આવે છે. રૂદ્રીનું સંપૂર્ણ રહસ્ય હજુસુધી કોઈ સમજી શકેલ નથી અને વર્ણવી શકેલ નથી. આ રૂદ્રીના આઠ અધ્યાય સળંગ બોલવાથી એક વેદોક્ત રૂદ્રી ગણાય છે. જ્યારે રૂદ્રી આખી રુદ્રી અને પાંચમો અધ્યાય ૧૧વાર બોલવાથી રુદ્રી એકાદશીની કહેવાય છે અને આખી રૂદ્રી તથા પાંચમો અધ્યાય ૧૨૧ વાર બોલવાથી લઘુરૂદ્ર કહેવાય છે આમ ત્યારબાદ ચડતા ક્રમમાં મહા રુદ્ર અતિ રુદ્ર કોટી રુદ્રા આવે છે રુદ્રીનું અનુષ્ઠાન પાઠાત્મક અભિષેક દ્વારા તથા હવન દ્વારા પાઠશાળામાં અભ્યાસ કરેલ વેદ ના જાણકાર બ્રાહ્મણો દ્વારા કરાવી શકાય છે. મહાદેવજીની રૂદ્રી એટલે કે રૂદ્ર ઉપાસના દ્વારા જન્મકુંડળીમાં રહેલ શ્રાપિત દોષ. વિષયોગ જેવા અશુભ યોગોનું નિવારણ થાય છે તે ઉપરાંત જેવોને જીવન મા પ્રગતિ થતી ન હોય તો મહાદેવજીને ઉપાસના કરવી જોઈએ અને ખાસ કરીને બીમારી માટે મહાદેવજીની રૂદ્રી તે અક્સીર ઈલાજ છે વાયુ પુરાણ પ્રમાણે ફક્ત રૂદ્રીના બીજા અધ્યાયનો પાઠ કરવાથી મનુષ્ય મહાદેવજીમાં પ્રવેશ કરે છે તો આખી રુદ્રીનો તો કહેવું જ શુ અને પાંચમા તથા આઠમાંથી એનો પાઠ કરવાથી મનુષ્ય બ્રહ્મલોક ને પામે છે અને આખી રૂદ્રીનો પાઠ કરાવવાથી રોગ અને પાપ માંથી મુક્ત થાય છે અને જીવનમાં શાંતિ પામે છે અને ખાસ વાત એ છે કે શિવા જલધારા પ્રિય મહાદેવજી ની શિવલિંગ ઉપર જળખાસ ચડાવવું જોઈએ જેનાથી મહાદેવજી ખુશ થાય છે એટલે કે શિવજીને જળ ચડાવાથી જીવનમાં શાંતિ મળે છે. અહીં મારી થોડી ઘણી સમજ પ્રમાણે રજૂ કરેલ છે. અસ્તુશ્રી.

**- શાસ્ત્રી રાજદીપ જોષી**
**( વેદાંત રત્ન)**

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# લગ્નો પર શિક્ષણ કરતાં વધારે ખર્ચ

હાલમાં જ એક સમાચાર આવ્યા કે ભારતના લોકો શિક્ષણની તુલનાએ વિવાહ-લગ્દ્ન સમારોહ પર લગભગ બે ગણો ખર્ચ કરી નાખે છે. ભારતીય વિવાહ ઉદ્યોગનું મૂલ્ય લગભગ ૧૦.૭ લાખ કરોડ રૂપિયા છે, જે તેને ખાદ્ય અને કિરણાના સામાન બાદ સૌથી મોટો ઉદ્યોગ બનાવે છે. એક ભારતીય વિવાહ પર લગભગ ૧૨.૫ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે, જે કોઈ વ્યક્તિની સ્નાતક સુધીના ભણતર પર થનારા ખર્ચનો લગભગ બે ગણો ખર્ચ છે.

ભારતીય સંસ્કૃતિમાં લગ્દ્ન સમારોહોનું વિશેષ મહત્ત્વ છે. તે માત્ર બે વ્યક્તિઓનું મિલન જ નહીં, બલ્કે બે પરિવારનો સંગમ અને સામાજિક રીતરિવાજોનો ઉત્સવ ઉજવવાનો અવસર પણ હોય છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં આ લગદ્નોનો ખર્ચ આસમાને આંબવા લાગ્યો છે, જે મોટી ચિંતાનો વિષય બનતો જાય છે. અસલમાં ભવ્ય લગદ્ન સમારોહ પરિવારની શાન અને સમૃદ્દિનું પ્રદર્શન કરવાની રીત બની ગઈ છે. દેખાડા અને પ્રતિસ્પર્ધાની હોડમાં લોકો ખર્ચની કોઈ મર્યાદા નથી રાખતા અને પોતાની ક્ષમતા કરતાં પણ વધુ ખર્ચ કરી નાખે છે. મોંઘાં કપડાં, આભૂષણ, એકથી એક મોંઘાં પકવાન અને ભવ્ય સજાવટ આજે દરેક લગદ્ન સમારોહનો હિસ્સો બની ગયાં છે. ભારતીય સમાજમાં લગદ્નને જીવનનો ખાસ પ્રસંગ માનવામાં આવે છે. તેથી માતા-પિતા પોતાના બાળકો માટે તેને બહેતર બનાવવા માગે છે. ભાવિ વર અને વધૂના મનમાં પણ પોતાના લગદ્નને યાદગાર બનાવવાની પ્રબળ ઈચ્છા રહે છે. આ કારણથી તેઓ પણ લગદ્ન સંબંધિત ખરીદી કરવા અને બ્યુટીપાર્લર વગેરેમાં ખુલ્લા હાથે પૈસા વાપરે છે.

લગદ્નમાં અપાતું દહેજ છોકરીના માતા-પિતા પર ખર્ચનો ઓર બોજો વધારી દે છે. એમ તો દહેજ કાયદાકીય રીતે અપરાધ છે, પરંતુ હજુ પણ કેટલાય ભારતીય પરિવારોમાં એ પ્રચલિત છે. જે પરિવાર પાસે વધુ પૈસા છે, તેઓ તો પોતાની પુત્રીને વધુને વધુ સામાનો અને ઉપહારો સાથે વિદાય કરે છે, પરંતુ તેનો દુષ્પ્રભાવ એ ગરીબ પરિવારો પર પડે છે, જેની પાસે પૈસા નથી. તેમ છતાં તેમણે સમાજની દેખાદેખીમાં દેવું કરીને પણ ભેટસોગાદો આપવી પડે છે. લગદ્ન સમારંભોમાં થનારા ખર્ચને કારણે કેટલાય પરિવારની પુત્રીઓના શિક્ષણ પર વધુ ધ્યાન નથી અપાતું, કારણ કે પુત્રીના જન્મની સાથે જ તેઓ તેના લગદ્ન માટે બચત કરવાનું શરૂ કરી દે છે. લગદ્ન એક ખુશીનો અવસર છે, તેને બોજ ન બનવા દેવો જોઈએ. લગદ્નોને ખુશહાલ અને ટકાઉ બનાવવા માટે લોકોને બિનજરૂરી ખર્ચા અને દેખાડો કરવાના નુકસાન વિશે જાગૃત કરવા જરૂરી છે. આપણે આપણી માનસિકતા બદલવી પડશે અને લગદ્નોને સાદગીથી ઉજવવા પર ભાર મૂકવો પડશે. દહેજ પ્રથા જેવી સામાજિક બુરાઈઓને પણ મૂળમાંથી ખતમ કરવી જરૂરી છે. સરકારે સરળ અને કિફાયતી લગદ્નોને પ્રોત્સાહિત કરવા માટે નીતિઓ બનાવવી જોઈએ.

## અમરેલી ગ્રામ્યમાં મેઘરાજાની તોફાની બેટીંગ, કુંકાવાવ તાલુકામાં ધોધમાર

અમરેલી, તા.૧૭ : અમરેલીના મોટી કુંકાવાવ પંથકમાં વરસાદ વરસ્યો. કુંકાવાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદે જમાવટ કરી. ધોધમાર વરસાદથી રસ્તાઓ પાણી પાણી થયા હતા અને રસ્તા પરથી નદીઓ વહી રહી હોય તેવા દ્દશ્યો જોવા મળ્યા. આ તરફ વડિયા પંથકમાં પણ મેઘરાજા મહેરબાન થયા. વડીયા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

દુઃખથી ગભરાવ નહીં, પરિશ્રમ કરો.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ સુદ-૧૧ દેવશયની એકાદશી, ચાતુર્માસ આરંભ, પંઢરપુર યાત્રા, કચ્છ-સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ, મોહરમ-તાજીયા તા.૧૭ જુલાઈ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૧૦, અનુરાધા નક્ષત્ર, શુભ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૫, સૂ.અ.૭:૩૮

- કનકચંદ્ર સી. વ્યાસ

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

મેષ: વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ: આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન: વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહ: સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા: માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા: અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક: કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન: માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર: શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ: અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન: કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

### એસ્ટ્રોન ચોકનું નાળું થયું બંધ, વાહન ચાલકો પરેશાન

# રાજકોટ શહેર ધોધમાર વરસાદથી જળબંબાર થયું





### યાજ્ઞિક રોડ, હેમુગઢવી હોલ પાસે દોઢથી બે ફૂટના પાણી ભરાયા છે આ સિવાય શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાવાના શરૂ થયા છે





રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરમાં ધોધમાર વરસાદ છે, જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે.યાજ્ઞિક રોડ અને એસ્ટ્રોન ચોક પાસે પામી ભરાયા છે. એસ્ટ્રોન ચોકનું ગરનાળું પાણી ભરાતા બંધ કરવામાં આવ્યું છે. ભારે વરસાદના કારણે રાજકોટ શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. યાજ્ઞિક રોડ, હેમુગઢવી હોલ પાસે દોઢથી બે ફૂટના પાણી ભરાયા છે. આ સિવાય શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાવાના શરૂ થયા છે. શહેરના વિવિધ માર્ગો પર પાણી ભરાતા વાહન ચાલકો પરેશાન થઈ ગયા છે.

હવામાન વિભાગ દ્વારા આજે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે સુરત, નવસારી, વલસાડ, છોટાઉદેપુર, દમણ, દાદરા નગર હવેલી, જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, દીવમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. વડોદરા, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, રાજકોટ, જામનગર, પોરબંદર, દ્વારકા અને બોટાદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ જણાવ્યું કે,૧૬થી ૨૦ જુલાઈ સુધી અતિભારે વરસાદ ખાબકશે. રાજયના અનેક વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને બેટીંગ કરશે. કેટલાક વિસ્તારોમાં ૧૫ ઈંચ વરસાદ ખાબકશે. સૌરાષ્ટ્ર, દ.ગુજરાત, અને મધ્ય ગુજરાતમાં આગાહી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૬ થી ૧૮ જુલાઈ સુધી અતિભારે વરસાદ પડી શકે છે અને ત્યાર બાદ ૨૦ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદ ખાબકશે તેવી આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, આણંદમાં પણ અતિભારે વરસાદ નોંધાય તેવી પણ શક્યતાઓ છે.

હવામાન વિભાગ દ્વારા મંગળવારે સવારે જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. રાજયમા સૌથી વધુ સુરતના ઉમરપાડામાં વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ વરસ્યો છે.

ભરૂચના નેત્રંગમાં સાડા સાત ઈંચ, નર્મદાના ગરૂડેશ્વરમાં છ ઈંચ, નર્મદાના નાંદોદમાં સવા પાંચ ઈંચ, નર્મદાના તિલકવાડામાં સવા ચાર ઈંચ, નવસારીના ચીખલીમાં ચાર ઈંચ, અમરેલીના લીલીયામાં પોણા ચાર ઈંચ, સુરતના મહુવામાં પોણા ચાર ઈંચ, સાબરકાંઠાના વિજયનગરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

### નગરપાલિકાઓનો વહીવટ ખાડે ગયો

# રાજ્યની નગરપાલિકામાંથી ૧૦૭ નગરપાલિકામાં પગારના પણ ફાંફા

### નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ એટલી કથળી છે કે કર્મચારીઓને પગાર ચૂકવવાના પણ નાણા નથી

અમદાવાદ, તા.૧૭

વિકસિત ગુજરાતના દાવાથી હકીકત સાવ વિપરીત જ જોવા મળી રહી છે. રાજ્યની કુલ ૧૫૭ નગરપાલિકામાંથી ૧૦૭ નગરપાલિકામાં પગારના પણ ફાંફા છે. કાયમી કર્મચારીઓનો છેલ્લાં બેથી ત્રણ મહિનાનો પગાર જ થયો નથી.

સત્તાધીશોના સમૃદ્ધ ગુજરાતના દાવાથી વિપરીત બીજી તરફ નગરપાલિકાનું તંત્ર રીતસર ખાડે ગયું છે. નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ એટલી કથળી છે કે કર્મચારીઓને પગાર ચૂકવવાના પણ નાણા નથી. બીજી બાજુ સત્તાધીશો વાઈબ્રન્ટ ગુજરાતના દાવા કરે છે. મોટાભાગની પાલિકાઓની તિજોરી ખાલીખમ થઈ ગઈ છે. કેટલીય નગરપાલિકાઓ વીજબિલ ભરવા પણ સક્ષમ નથી. લાખો રૂપિયાનો પાણી વેરો ભરવાનો બાકી છે. પડતા પર પાટુ મારતા હોય તેમ રાજ્ય સરકારે ઓક્ટ્રોયની ગ્રાન્ટ રોકી રાખી છે. આ મુદ્દે ઉચ્ચસ્તરે રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજી સુધી સ્થિતિમાં કોઈ ફેર પડ્યો નથી. આ અવ્યવસ્થાની સ્થિતિના પગલે હજારો કર્મચારીઓ પગારથી વંચિત રહ્યા છે. સરકારી કર્મચારીઓને ઘરના બે છેડા ભરવા મુશ્કેલ થઈ ગયા છે. આ નગરપાલિકાઓ માટે આવકનો કોઈ સ્ત્રોત જ નથી. તેના લીધે આગામી સમયમાં પગાર મામલે આંદોલન થઈ શકે છે.

### જયદીપ અને તેના મામા ગોવિંદભાઈ વચ્ચે માથાકૂટ થઈ હતી

# રાજકોટ પડધરીમાં લાશ મળવાનો મામલો ઉકેલાઈ ગયો

### વેજાગામના જયદીપ મેરિયાની લાશ ઢોકળીયામાં મળી આવી હતી મામાની પુત્રીને તે પ્રેમ કરતો હોવાથી હત્યા કરવામાં આવી છે

રાજકોટ, તા.૧૭

રાજકોટ પડધરીમાં લાશ મળવાનો મામલો ઉકેલાઈ ગયો છે. વેજાગામના જયદીપ મેરિયાની લાશ ઢોકળીયામાં મળી આવી હતી. મામાની પુત્રીને તે પ્રેમ કરતો હોવાથી હત્યા કરવામાં આવી છે. તેની ધોકા-પાઈપના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી છે. યુવક મામાની પુત્રીને પ્રેમ કરતો હતો. પોલીસે ચાર સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. પડધરી ખાતે યુવકની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં મામા ગોવિંદ મૂછડિયા, મામી કંચનબેન, મામાનો પુત્ર પ્રવીણ અને રસિકભાઈ સામે હત્યાની ફરિયાદ દાખલ થઈ છે.

દસ દિવસ પહેલાં જ જયદીપ અને તેના મામા ગોવિંદભાઈ વચ્ચે માથાકૂટ થઈ હતી. મૃતક જયદીપ ડ્રાઈવિંગનું કામ કરતો હતો. અગાઉ પણ મામા અને જયદીપ વચ્ચે માથાકૂટ થઈ હતી.

સમગ્ર બનાવનો ઘટનાક્રમ એવા પ્રકારનો છે કે રાજકોટ નજીક લોધિકા તાલુકાના વેજાગામ વાજડી રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતાં જયદીપ હમીરભાઈ મેરીયા નામના યુવાનની ગઈકાલે સાંજે પડધરી તાલુકાના ઢોકળીયા ગામેથી લાશ મળી આવી હતી. આ બનાવની યુવાનના પિતા હમીરભાઈ મનજીભાઈ મેરીયાને જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ પડધરી પોલીસને જાણ કરી હતી.

પોલીસની પૂછપરછમાં ત્રણ ભાઈમાં સૌથી મોટો જયદીપ અપરિણિત હોવાનું અને તેને ઢોકળીયા ગામે જ રહેતા સગા મામાની દીકરી સાથે આંખ મળી જતાં બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હોવાનું અને અવારનવાર આ પ્રેમી યુગલ મળતાં હોવાનું સામે આવ્યું હતું.

ગઈકાલે જયદીપ ઢોકળીયા ગામે પ્રેમિકાને મળવા માટે નીકળ્યો હતો. આની જાણ અગાઉથી જ મામાને થઈ જતાં ઢોકળીયા ગામની સીમમાં જ જયદીપને આંતરી ધોકાના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું હતું. આ બનાવ અંગે પડધરી પોલીસે હમીર મનજીભાઈ મેરીયાની ફરિયાદ પરથી ઢોકળીયા ગામે રહેતા ગોવિંદ પ્રેમજીભાઈ મુછડીયા, પ્રવિણ પ્રેમજીભાઈ મુછચડીયા, રસિક પ્રવિણભાઈ મુછડીયા અને કંચનબેન ગોવિંદ મુછડીયા સામે ખુનનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## માધવપુરમાં વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો

પોરબંદર, તા.૧૭ : પોરબંદરના માધવપુરમાં વહેલી સવારથી જ વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. વહેલી સવારથી જ ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. વરસાદની શરૂવાત થતાં ૨ કલાકમાં ધોધમાર ૪ ઈંચથી વધારે વરસાદ વરસ્યો હતો. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાય હતા. ખેતરોમાં પણ પાણી ભરાયા હતા. ભારે બફારા બાદ ૪ ઈંચ થી વધુ વરસાદ વરસતા લોકોને ગરમીથી રાહત મળી છે. પોરબંદર જિલ્લામાં ત્રણથી ચાર દિવસના વિરામબાદ આજે બપોર વરસાદનું આગમન થયું હતું. પોરબંદર શહેરમાં બોખીરા, જ્યુબેલી, સુદામાચોક, ફુવારા વિસ્તાર, જલારામ કોલોની, કડિયા પ્લોટ, છાંયા, એરપોર્ટ સહિત સમગ્ર શહેરમાં વરસાદ વરસ્યો છે. બરડા પંથકના ગામોમાં પણ વરસાદ વરસ્યો છે. પોરબંદરના બરડા પંથક આવેલ અનેક ખેતરોમાં પાણી ભરાયા હતા. વરસાદને લઈ ગ્રામ્ય પંથકમાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

### શાળા સંચાલકોની બેદરકારીના કારણે વિદ્યાર્થીનીઓ બેભાન બની હોવાનો વાલીઓનો આક્ષેપ

# ભાવનગરની સ્કૂલમાં અનેક વિદ્યાર્થીનીઓ બેભાન થઈ

### ચોમાસુ ચાલતું હોય ભારે ઉકળાટ અને ગરમી સહન નહિ કરી શકતા અનેક વિદ્યાર્થીનીઓ બેભાન બની ઢળી પડી હતી

ભાવનગર, તા.૧૭

ભાવનગર શહેરની સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ સંચાલિત લાખાણી વિદ્યા સંકુલમાં વીજપ્રવાહ બંધ થઈ જતાં ઉકળાટ અને ગરમીના કારણે અનેક વિદ્યાર્થીનીઓ બેભાન બની જતા હોસ્પિટલ ખસેડાઇ હતી, શાળા સંચાલકોની બેદરકારીના કારણે વિદ્યાર્થીનીઓ બેભાન બની હોવાનો વાલીઓએ આક્ષેપ કર્યો છે.

ભાવનગર શહેરના કાળીયાબીડ વિસ્તારમાં આવેલી ખાનગી સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ સંચાલિત લાખાણી વિદ્યા સંકુલમાં કોઈ કારણોસર વીજપ્રવાહ બંધ થઈ ગયો હતો, ચોમાસુ ચાલતું હોય ભારે ઉકળાટ અને ગરમી સહન નહિ કરી શકતા અનેક વિદ્યાર્થીનીઓ બેભાન બની ઢળી પડી હતી, જેથી સંચાલકો દ્વારા વિધાર્થનીના વાલીઓને ફોન કરી બોલાવવામાં આવ્યા હતા, જેથી વાલીઓ તાત્કાલિક હોસ્પિટલ પહોંચતાં બેભાન બનેલી વિદ્યાર્થીનીઓ ને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જેમાં એક વિદ્યાર્થિનીને ખાનગી હોસ્પિટલ અને ને વિદ્યાર્થીનીઓ ને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પરંતુ લાખો રૂપિયાની ફી વસૂલતી શાળાઓ દ્વારા વીજપ્રવાહ બંધ થતાં જનરેટર ની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ના હોય અસહ્ય બફારો સહન નહિ કરી શકવાના કારણે વિદ્યાર્થીનીઓ બેભાન બની ગઈ હતી, પરંતુ બેભાન થયેલી વિદ્યાર્થિનીઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાના બદલે શાળા સંચાલકો દ્વારા તેઓના વાલીઓને બોલાવી વિદ્યાર્થીનીઓ ને તેમના હવાલે કરી હતી, વાલીઓ દ્વારા શાળા સંચાલકો દ્વારા બેદરકારી આચરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો.

### આબુને લઈને ચેતવણીજનક સમાચાર આવ્યા

# માઉન્ટ આબુમાં ફરવા ગયેલા ગુજરાતીઓ પર હુમલો થયો

### મહેસાણાના ગુજરાતી પ્રવાસીઓના જૂથ પર હુમલો થયો હતો. આ હુમલામાં એક પ્રવાસીનું સારવાર દરમ્યાન મોત થયું



અમદાવાદ, તા.૧૭

ગુજરાતીઓ માટે માઉન્ટ આબુ પ્રીતિપાત્ર સ્થળ છે. રજા મળી નથી કે વીકેન્ડ મળ્યો નથી કે ગુજરાતી માઉન્ટ આબુ ફરવા ઉપડ્યા નથી. પણ હવે ગુજરાતીઓ માટે માઉન્ટ આબુને લઈને ચેતવણીજનક સમાચાર આવ્યા છે.

ગુજરાતીઓ માટે માઉન્ટ આબુ પ્રીતિપાત્ર સ્થળ છે. રજા મળી નથી કે વીકેન્ડ મળ્યો નથી કે ગુજરાતી માઉન્ટ આબુ ફરવા ઉપડ્યા નથી. પણ હવે ગુજરાતીઓ માટે માઉન્ટ આબુને લઈને ચેતવણીજનક સમાચાર આવ્યા છે. માઉન્ટ આબુમાં ફરવા ગયેલા મહેસાણાના ગુજરાતી પ્રવાસીઓના જૂથ પર હુમલો થયો હતો. આ હુમલામાં એક પ્રવાસીનું સારવાર દરમિયાન મોત થયું હતું.

માઉન્ટ આબુમાં સાત ગુજરાતી પ્રવાસીઓના જૂથ પર પાંચ આરોપીઓએ હુમલો કર્યો હતો. તેમા ૨૫ વર્ષીય યુવાન સાહિલનું મોત થયું હતું. જ્યારે ત્રણ યુવકો ભયથી જંગલમાં છૂપાઈ ગયા હતા. યુવાનના મામાએ માઉન્ટ આબુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે જણાવ્યું હતું કે પાટણના મંગાભાઈ પન્નાભાઈના જણાવ્યા મુજબ તેમનો ભાણિયો સંજય, ભત્રીજો કિરણ, સાહિલ, નિકુલ અને મયંક સહિત સાત જણા માઉન્ટ આબુ ફરવા ગયા હતા. તેઓ વળાંક પર કાર પાર્ક કરી બેઠાં હતા. આ સમયે સાહિલને બે છોકરા સાથે ઝગડો થયો હતો. આ બે છોકરા જઈને બીજા ત્રણને લઈને આવ્યા હતા. આ પાંચેયે એકસાથે હુમલો કર્યો હતો. આ હુમલામાં સંજય, મયંક ઈજા પામ્યા હતા.સાહિલને બંને હાઠ, પીઠ અને પેટ પર છરીના ઘા ઝીંકાયા હતા. નકુલ, કિરણ અને રસિક ડરીને જંગલમાં સંતાઈ ગયા હતા. સાહિલને મહેસાણા લઈ જવાતા તેને મૃત જાહેર કરાયો હતો.

# હીરા ઉદ્યોગ ઉપર યુદ્ધનું ગ્રહણ હજુ પણ યથાવત્ રહેતા ૭૦ ટકા લોકોની રોજગારી ઉપર અસર



અમદાવાદ તા.૧૭

દક્ષિણ ગુજરાતમાં સુરત બાદ નવસારીને પોલીશ ડાયમંડ માટે મહત્વનું સેન્ટર માનવામાં આવે છે. ખાસ કરીને નવસારી જિલ્લાને જીણા અને પોલકી ડાયમંડનું હબ માનવામાં આવે છે. નવસારીમાં મોટી સંખ્યામાં લોકો હીરા ઉદ્યોગ દ્વારા રોજગારી મેળવે છે. હાલ અનેક કારણોસર નવસારીના હીરા ઉદ્યોગ ઉપર માઠી અસર પહોંચી છે.છેલ્લા થોડા વર્ષોથી હીરા ઉદ્યોગને મંદીને કારણે ઝાંખપ લાગી છે. ત્યારે મંદીના વાદળો ઘેરાતા હીરા ઉદ્યોગ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરી રહ્યો હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે. ભારતમાં અને વિશ્વમાં હીરાના કટીંગ એન્ડ પોલીસ માટે મહત્ત્વના શહેર સુરતના પાડોશી નવસારી જિલ્લામાં પણ ડાયમંડ કટીંગ એન્ડ પોલીસિંગ કરવામાં આવે છે. સુરતની સરખામણીએ નવસારીમાં જીણા હીરાનું કામ વધુ થાય છે. છેલ્લા લાંબા સમયથી નવસારીનો હીરા ઉદ્યોગ મંદી હેઠળ આવ્યો છે. એક તરફ રફના વધેલા ભાવ તો, બીજી તરફ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોલીસ હીરાના ઓછા ભાવે માંગવામાં આવે છે. જેને કારણે વેપારીઓ કોઈ રફની ખરીદી અટકાવવા સાથે પોલીસ માલને પણ વેચવાનું ટાળ્યું છે. મે ૨૦૨૪નું વેકેશન પૂર્ણ થયા બાદ પણ નવસારી શહેરમાં આશરે ૭૦% કારખાના ખુલી શક્યા નથી. હીરા ઉદ્યોગ ઉપર યુદ્ધનું ગ્રહણ યથાવત્ રહેતા ૭૦ ટકા લોકો રોજગારીની રાહમાંહીરા ઉદ્યોગમાં દિવાળી અને વેકેશન ગાળો મહત્ત્વનો હોય છે. આ ક્ષેત્રમાં કામ કરતા કારીગરો પોતાના વતને જઈને હળવાશ અનુભવે છે. મોટાભાગે આ વેકેશન ૧૫થી ૨૦ દિવસનું હોય છે. પરંતુ, મંદીને જોતા આ વખતનું વેકેશન બે મહિના સુધી લંબાયુ છે. નવસારી જિલ્લામાં ૧૮૦ જેટલા કારખાના છે. જેમાં ૧૭ થી ૧૮ હજાર રત્ન કલાકારોની રોજગારી નભે છે. પરંતુ રશિયા, યુક્રેન વચ્ચે કાર્યરત આંતરરાષ્ટ્રીય યુદ્ધના કારણે નવસારી જિલ્લામાં મંદીના વાદળો ઘેરાયા છે. જેને કારણે વેકેશન લંબાયુ છે. અહીંના વેપારીઓને હીરાની રફ પોસાય તેવા ભાવે મળતી નથી. જો કદાચ વેપારીઓ રફ ખરીદી પણ લે તો,પોલીસ થયેલા હીરાઓ તેમના પાસેથી ઓછા ભાવે માંગવામાં આવે છે. જેથી વેપારીઓને પડ્યા ઉપર પાટું જેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ અંગે નવસારી ડાયમંડ એસોસિયેશનના પૂર્વ પ્રમુખ કમલેશ માલાણી જણાવે છે કે, આંતરરાષ્ટ્રીય દેશોમાં યુદ્ધની સ્થિતિ હજુ પણ યથાવત રહેતા તેની સીધી અસર વેપાર ધંધા ઉપર જોવા મળી રહી છે. અહીં ૭૦% કારખાના ખુલ્યા જ નથી. પોલીસ થયેલા ડાયમંડનો ભરાવો થઈ રહ્યો છે. કારણ કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેની માગ ૨૦થી ૨૫ % ઓછી આપવામાં આવે છે. જેને કારણે કારખાના ખુલી શક્યા નથી. આવી પરિસ્થિતિમાં સરકાર કોઈ મધ્યસ્થી કરીને કારખાના શરૂ થાય તેવા પ્રયત્ન થાય તે જરૂરી છે.

# પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ-મહામંત્રી ચૂંટવા ૨૧મીએ મતદાન

અમદાવાદ, તા.૧૭

રાજયના સૌથી મોટા શૈક્ષણિક સંગઠન એવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને મહામંત્રીના પદ માટે હવે આગામી ૨૧ જુલાઈના રોજ મતદાન થશે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને મહામંત્રીના પદ માટે રવિવારે ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થઈ હતી. જેમાં પ્રમુખ પદ માટે ૪ ઉમેદવારો અને મહામંત્રીના પદ માટે ૬ ઉમેદવારોએ ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી છે. આ ચૂંટણીમાં સમગ્ર રાજયમાંથી ૪૭૪ મતદારો મતદાન કરશે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજયની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં અંદાજે પોણા બે લાખ જેટલા શિક્ષકો પ્રાથમિક શિક્ષક સંઘમાં જોડાયેલા છે. હાલમાં રાજયમાં જુદાજુદા ઢગલાબંધ શૈક્ષણિક સંગઠનો અસ્તિત્વમાં છે. પરંતુ પ્રાથમિક શિક્ષક સંઘ સાથે સૌથી વધુ શિક્ષકો જોડાયેલા હોવાથી હાલમાં તે રાજયનું સૌથી મોટું શૈક્ષણિક સંગઠન ગણાય છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હાલના પ્રમુખ, મહામંત્રી અને કારોબારી સભ્યોની મુદ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ પૂર્ણ થતી હતી. પરંતુ ચૂંટણી યેનકેન પ્રકારે પાછળ ઠેલાઈ હતી. જોકે, ઉચ્ચકક્ષાએ રજૂઆત થયા બાદ હવે આ સંગઠનના નવા પ્રમુખ અને મહામંત્રી માટેની ચૂંટણી યોજાશે. મુદત પૂર્ણ થયાને આઠ માસ જેટલો સમય થયા બાદ હવે પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી યોજાવવાની છે. ચૂંટણીને લઈને ૯ જુલાઈના રોજ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. જાહેરનામુ બહાર પાડવામાં આવ્યા બાદ દાવેદારો પાસેથી ફોર્મ ભરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં રવિવારના રોજ સુધી ફોર્મ સ્વિકારવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમ્યાન પ્રમુખ માટે ૪ જેટલા દાવેદારો અને મહામંત્રી માટે ૬ જેટલા દાવેદારોએ ફોર્મ ભર્યા છે. જેમાં પ્રમુખ માટે હાલના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને હાલના મહામંત્રી સતિષ પટેલે મહામંત્રી બનવા માટે ઉમેદવારી નોંધાવી છે. આમ, સતત ૮ વર્ષથી સત્તામાં રહ્યા બાદ પણ હજુ તેઓ ફરી ચૂંટણી જંગમાં ઉતરતા શિક્ષકોમાં આક્રોશ ફેલાયો છે.

# પશ્ચિમ બંગાળ પેટાચૂંટણી પરિણામ ૨૦૨૪ : દીદીના ગઢમાં ભાજપ ફરી નિષ્ફળ, મમતા બેનરજીએ કેવી રીતે આપ્યો બમણો આંચકો

**પશ્ચિમ બંગાળ પેટાચૂંટણી પરિણામો ૨૦૨૪ : પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર ભાજપ નિષ્ફળ ગયું છે, મમતા દીદીની TMCએ પેટાચૂંટણીમાં તમામ ચાર સીટો ઉપર હાર આપીને ભારતીય જનતા પાર્ટીને જોરદાર ફટકો આપ્યો છે**



કોલકાતા, તા.૧૭

પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર ભાજપ નિષ્ફળ ગઈ છે. મમતા દીદીની ટીએમસીને પેટાચૂંટણીમાં ચારેય સીટો ઉપર હાર આપીને જોરદાર ઝટકો આપ્યો છે. ચારેય વિધાનસભા બેઠકો ઉપર ૧૦ જુલાઈએ પેટાચૂંટણી યોજાઈ હતી. બંગાળમાં પેટાચૂંટણીના પરિણામો દ્વારા મમતા બેનરજીએ ભાજપને બમણો આંચકો આપ્યો છે. થોડા મહિના પહેલાં જ દીદીની પાર્ટીએ અહીં પોતાની સીટો વધારી હતી. ટીએમસીએ ૨૦૧૯માં ૨૨ બેઠકોની સરખામણીમાં આ વખતે ૨૯ બેઠકો જીતી છે. સાથે જ આ પરિણામો ભાજપ માટે આંચકાથી ઓછા નથી. બંગાળમાં આગળ વધવાની તેમની યોજનાઓ વારંવાર નિષ્ફળ રહી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ૧૮ બેઠકો જીતી હતી, જે આ વખતે સામાન્ય ચૂંટણીમાં ઘટીને ૧૨ થઈ ગઈ છે. મમતા બેનરજીની પાર્ટીએ રાયગંજ, બગદા, રાણાઘાટ દક્ષિણ અને માણિકતલ્લા વિધાનસભા બેઠકો જીતી છે. ટીએમસી ઉમેદવાર કૃષ્ણા કલ્યાણી રાયગંજથી ૫૦,૦૭૭ મતોથી જીત્યા. તેમણે ભાજપના માનસકુમાર ઘોષને હરાવ્યા હતા. બગડાથી ટીએમસી રાજ્યસભા સાંસદ મમતાબાલા ઠાકુરની પુત્રી મધુપર્ણા ઠાકુરે ભાજપના બિનય કુમારબિસ્વાસને ૩૩,૪૫૫ મતોથી હરાવ્યા હતા. અહીં ટીએમસીએ આઠ વર્ષ બાદ જીત મેળવી છે. રાણાઘાટ દક્ષિણથી મુકુટ મણિ અધિકારીએ ભાજપના ઉમેદવાર મનોજકુમાર બિસ્વાસને ૩૯,૦૪૮ મતોથી હરાવ્યા. જ્યારે માણિકતલ્લામાં સુદીપ્તિ પાંડેએ ભાજપના ઉમેદવાર કલ્યાણ ચૌબેને ૬૨,૩૧૨ મતોથી હરાવ્યા હતા. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં રાણાઘાટ દક્ષિણ, બગદા અને રાયગંજથી ભાજપે જીત મેળવી હતી. જો કે, બાદમાં ત્રણેય ધારાસભ્યો પક્ષ બદલીને ટીએમસીમાં પાછા ગયા. કલ્યાણી, અધિકારી અને વિશ્વજીત દાસે, ત્રણેય બેઠકોના ધારાસભ્યો, ટીમએસીની ટિકિટ ઉપર લોકસભાની ચૂંટણી લડવા માટે તેમના પદ ઉપરથી રાજીનામું આપી દીધું હતું. લોકસભાચૂંટણીમાં ભાજપના કાર્તિક ચંદ્ર પોલના હાથે હારનો સામનો કરનાર કલ્યાણીને રાયગંજથી ફરીથી ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. તે જ સમયે જે અધિકારીઓ રાણાઘાટ લોકસભા બેઠક ભાજપની જગન્નાથ સરકાર સામે હારી ગયા હતા તેઓ આ વખતે રાણાઘાટ દક્ષિણ વિધાનસભા બેઠક ઉપરથી ચૂંટણી લડી રહ્યા હતા. માણિકતલ્લા સીટ ૨૦૨૧માં ટીએમસી જીતી હતી, પરંતુ ફેબ્રુઆરી ૨૦૨૨માં મમતા સરકારના પૂર્વ મંત્રી સદન પાંડેના અવસાન બાદઆ સીટ ખાલી થઈ હતી. પશ્ચિમ બંગાળમાં કારમી હાર બાદ ભાજપના નેતાઓએ આત્મનિરીક્ષણ કરવાની હાકલ કરી છે. ભાજપના પ્રદેશ પ્રવક્તા સમિક ભટ્ટાચાર્યએ પણ ટીએમસી સરકાર ઉપર આરોપ લગાવ્યા. તેમણે કહ્યું કે, ટીમ એસીએ નિષ્પક્ષ ચૂંટણીઓ થવા દીધી નથી. ચૂંટણી દરમ્યાન ઘણી ગેરરીતિઓ થઈ હતી. શાસક પક્ષે લોકોને ડરાવવાનું કામ કર્યું. તે જ સમયે ટીએમસીએ પણ ભાજપ ઉપર વળતો પ્રહાર કર્યો હતો. ટીએમસી લીડર કુણાલ ઘોષે કહ્યું કે, બંગાળની જનતાએ લોકસભા ચૂંટણીમાં પણ બીજેપીને નકારી કાઢી હતી. હવે પેટાચૂંટણીમાં ફરી એકવાર આવું બન્યું છે. તેમણે કહ્યું કે, નિષ્પક્ષ ચૂંટણી ન કરાવવાની વાત કરવી એ પોતાની ખામીઓ છૂપાવવા માટે છે.

# લિંકનથી ટ્રમ્પ સુધી : અમેરિકી પ્રમુખપદના રાજકારણમાં ગોળીબારનો લાંબો ઇતિહાસ

**અબ્રાહમ લિંકન અને JFK સહિત અમેરિકી રાષ્ટ્રપતિઓ અથવા પ્રમુખપદના ઉમેદવારોને સંડોવતા ગોળીબારના કેટલાક નોંધપાત્ર ઉદાહરણો અહીં છે**

(એજન્સી) તા.૧૭

એક ઘટનામાં ડોનાલ્ડ ટ્રમ્પના રેલીના ભાષણ દરમિયાન ગોળી ચલાવવામાં આવી હતી, તપાસકર્તાઓ આ ઘટનાને પૂર્વ રાષ્ટ્રપતિ ઉપર સંભવિત હત્યાના પ્રયાસ તરીકે ગણાવી છે. અબ્રાહમ લિંકન અને JFK સહિત, અમેરિકી રાષ્ટ્રપતિઓ અથવા પ્રમુખપદના ઉમેદવારોને સંડોવતા ગોળીબારના કેટલાક નોંધપાત્ર ઉદાહરણો અહીં આપ્યા છે :

**રોનાલ્ડ રીગન (૧૯૮૧) :** પ્રમુખ રીગન વોશિંગ્ટનની હિલ્ટન હોટેલમાંથી એક કાર્યક્રમમાંથી બહાર નીકળ્યા ત્યારે ગોળી વાગી અને ગંભીર રીતે ઘાયલ થયા. હુમલાખોર જ્હોન હિંકલી જુનિયર હતો, જેને ૨૦૨૨માં બિનશરતી મુક્તિ આપવામાં આવી હતી. રેગને બાર દિવસ હોસ્પિટલમાં વિતાવ્યા. આ ઘટનાએ રીગનની લોકપ્રિયતામાં વધારો કર્યો, કારણ કે તેણે સાજા થવા દરમ્યાન રમૂજ અને સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી.

**ગેરાલ્ડ ફોર્ડ (૧૯૭૫) :** સપ્ટેમ્બર ૧૯૭૫માં કેલિફોર્નિયામાં અને માત્ર ૧૭ દિવસના ગાળામાં મહિલાઓ દ્વારા કરાયેલા બે અલગ-અલગ હત્યાના પ્રયાસોમાં પ્રમુખ ફોર્ડ સહીસલામત રહી ગયા હતા.

**જ્યોર્જ વોલેસ (૧૯૭૨) :** ડેમોક્રેટિક પ્રેસિડેન્શિયલ નોમિનેશન માટે પ્રચાર કરતી વખતે મેરીલેન્ડના લોરેલમાં એક શોપિંગ મોલમાં વોલેસને ચાર વખત ગોળી મારી દેવામાં આવી હતી અને તેઓ આજીવન લકવાગ્રસ્ત થઈ ગયા હતા. જેઓ તેમના અલગતાવાદી મંતવ્યો અને લોકપ્રિય અપીલ માટે જાણીતા હતા તેવા વોલેસની હત્યાનો પ્રયાસ અમેરિકામાં ચાલી રહેલા રાજકીય તણાવ અને વિયેતનામ યુદ્ધ યુગમાં ઘરેલું હિંસાની સંભાવનાને પ્રકાશિત કરતો હતો.

**રોબર્ટ એફ. કેનેડી (૧૯૬૮):** રાષ્ટ્રપતિ જ્હોન એફ. કેનેડીના ભાઈ રોબર્ટ, જેઓ ડેમોક્રેટિક પ્રેસિડેન્શિયલ નોમિનેશન માટે લડી રહ્યા હતા, તેમની કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં એમ્બેસેડર હોટેલમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ હત્યાએ ૧૯૬૮ની રાષ્ટ્રપ્રમુખની રેસ ઉપર ઊંડી અસર કરી હતી અને નાગરિક અધિકારના નેતા માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની હત્યાના માત્ર બે મહિના પછી જ આ હત્યા થઈ હતી, જેણે ૧૯૬૦ના દાયકાના અંતમાં રાજકીય ઉથલપાથલ વધારી હતી.

**જ્હોન એફ. કેનેડી (૧૯૬૩) :** તેમની પત્ની જેકી સાથે તેમના મોટરકેડમાં સવાર, પ્રમુખ કેનેડીની ડલાસ, ટેક્સાસમાં લી હાર્વે ઓસ્વાલ્ડ દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ હત્યાની તપાસ કરતા વોરેન કમિશને ૧૯૬૪માં તારણ કાઢ્યું હતું કે સોવિયેત યુનિયનમાં રહેતા પૂર્વ મરીન લી હાર્વે ઓસ્વાલ્ડે એકલા હાથે કામ કર્યું હતું. ઘણા અમેરિકનો માને છે કે જે.એફ.કેના મૃત્યુથી અમેરિકાના રાજકારણ અને સમાજમાં વધુ હિંસક સમયગાળો શરૂ થયો હતો, જેમાં વિયેતનામ યુદ્ધની શરૂઆત થઈ હતી અને તેની પૃષ્ઠભૂમિ તરીકે નાગરિક અધિકાર સંઘર્ષ હતો.

**ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટ (૧૯૩૩) :** ચૂંટાયેલા પ્રમુખ તરીકે, FDR મિયામી, ફ્લોરિડામાં હત્યાના પ્રયાસનું લક્ષ્ય હતા. તેમને કોઈ નુકસાન થયું ન હતું, પરંતુ શિકાગોના મેયર એન્ટોન સેર્મેક હુમલામાં માર્યા ગયા હતા.

**થિયોડોર રૂઝવેલ્ટ (૧૯૧૨) :** ટ્રમ્પની જેમ, ટેડી રૂઝવેલ્ટ પૂર્વ રાષ્ટ્રપતિ તરીકે વ્હાઈટ હાઉસ માટે ચૂંટણી લડી રહ્યા હતા ત્યારે તેમને વિસ્કોન્સિનના મિલવૌકીમાં ગોળી વાગી હતી. આ ગોળી, જે આખી જીંદગી તેની છાતીમાં રહી હતી, તે ૫૦ પાનાની સ્પીચ અને તેના બ્રેસ્ટ પોકેટમાં સ્ટીલના ચશ્માના ખોંખાથી ધીમી પડી હતી. પ્રખ્યાત રીતે, રૂઝવેલ્ટે ગોળી વાગી હોવા છતાં તેમનું સુનિશ્ચિત ભાષણ આપવાનું નક્કી કર્યુ.

**અબ્રાહમ લિંકન (૧૮૬૫):** વોશિંગ્ટનમાં ફોર્ડના થિયેટરમાં ''અવર અમેરિકન કઝિન'' નામનું નાટક જોઈ રહ્યા હતા ત્યારે, જાણીતા અભિનેતા અને સંઘના સહાનુભૂતિ ધરાવતા જોહ્ન વિલ્કસ બૂથ દ્વારા લિંકનની હત્યા કરવામાં આવી હતી. બૂથનો હુમલો, ગૃહયુદ્ધમાં સંઘના શરણાગતિના થોડા દિવસો પછી, એક મોટા કાવતરાનો ભાગ હતો જેમાં વાઈસ પ્રેસિડેન્ટ એન્ડ્રુ જોહ્નસન અને સેક્રેટરી ઓફ સ્ટેટ વિલિયમ સેવર્ડની હત્યાના પ્રયાસો સામેલ હતા.

## દેશમાં મોન્સૂન મોડેથી સક્રિય થયું

# મહારાષ્ટ્ર ગુજરાત અને કેરળ સહિત કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરાઈ

નવી દિલ્હી, તા.૧૭

દેશમાં મોનસુન મોડેથી સક્રિય થયું છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને કેરળ સહિત કેટલાક રાજયોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જો કે, યુપી, બિહાર, હરિયાણા સહિતના કેટલાક રાજયોમાં વરસાદે દસ્તક આપી છે. પરંતુ વરસાદ તેની ગતિ પકડી રહ્યો નથી. આ કારણે આ મોટા રાજયોમાં લોકો હજુ પણ ગરમીથી પરેશાન છે અને સમયસર ખેતી કરી શકતા નથી. દેશમાં આગળ કેવો વરસાદ પડશે તેના વિશે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી છે. દેશમાં ચોમાસાની વર્તમાન સ્થિતિ અંગે માહિતી આપતા IMDના વૈજ્ઞાનિક સોમા સેને જણાવ્યું હતું કે, ''ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, કોસ્ટલ કર્ણાટકમાં ભારે વરસાદની સંભાવના છે. જેના કારણે સમગ્ર પશ્ચિમી તટ માટે ચાર દિવસ માટે 'રેડ' એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સોમા સેને કહ્યું કે 'મધ્યપ્રદેશ, તેલંગાણા, ઓડિશા, દક્ષિણ છત્તીસગઢ અને આંધ્ર પ્રદેશમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. જેને લઈને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદને લઈને એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. આશંકા વ્યકત કરતા સોમા સેને કહ્યું કે ૧૮ જુલાઈએ ઉત્તરાખંડમાં ભારે વરસાદ થઈ શકે છે. જે અંગે ટૂંક સમયમાં એલર્ટ જારી કરવામાં આવશે. જયારે પૂર્વોત્તર વિસ્તારમાં માત્ર હળવો વરસાદ થવાની સંભાવના છે.

# સોનાના અલગ-અલગ ભાવોની ચિંતામાંથી મુક્તિ, વન નેશન, વન રેટ

નવી દિલ્હી, તા.૧૭

દેશના નાગરિકોને ખાસ કરીને મહિલાઓને સોનાની ખરીદીમાં હવે રાહત મળશે કેમ કે સરકારે સમગ્ર દેશમાં સોનાના એક જ સરખા્ ભાવ નિર્ધારિત કરવાનું નક્કી કર્યું છે. દેશના અલગ અલગ શહેરોમાં સોના-ચાંદીના ભાવ અલગ અલગ હોય છે, તેને કારણે આ કિમતી ધાતુઓના સાચા ભાવ વિશે હંમેશાં દુવિધા રહ્યા કરે છે. પરંતુ હવે Gold Price Policy અંતર્ગત One Nation, One Rate અર્થાત આખા દેશમાં સોનાના ભાવો એક સરખા રહેશે. સામાન્ય રીતે આ કિમતી ધાતુઓના ભાવ વિવિધ શહેરોમાં અલગ અલગ હોવાનું કારણ જે તે રાજ્યમાં ટેક્સના દરોનો તફાવત હોય છે. જો કે, એ સિવાય પણ અન્ય કેટલીક બાબતો ભાવ-નિર્ધારણ કરતી હોય છે. પરંતુ હવે સરકારે એક દેશ, એક ભાવ નીતિ લાગુ કરવા તૈયાર છે, જેને પગલે દેશના કોઈપણ શહેરમાંથી સોનાની ખરીદી એક સરખા ભાવે થઈ શકશે. ભાવ તફાવતને કારણે તેની ખરીદી માટે બીજા શહેર કે બીજા રાજ્યમાં નજર દોડાવવાની જરૂર નહીં પડે. એક દેશ, એક ભાવ નીતિ ભારત સરકારની યોજના છે. સરકારનો આશય એ છે કે આખા દેશમાં સોનાની કિમત એક સમાન હોય. આ યોજનાના અમલ માટે સરકાર રાષ્ટ્રીય સ્તરે એક બુલિયન એકસચેન્જ બનાવશે. આ રાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ સોનાના ભાવ નક્કી કરશે. સોનાના અલગ-અલગ ભાવોની ચિંતામાંથી મુક્તિ, વન નેશન, વન રેટ સરકારે દેશમાં સોનાના એક જ સરખા ભાવ નિર્ધારિત કરવાનું નક્કી કર્યું છે.

ઉદાહરણ તરીકે જે રીતે શેર બજારમાં કોઈ કંપનીના શેરના ભાવ આખા દેશમાં એક સમાન હોય છે જે ભાવ મુંબઈ શેર બજાર અથવા નેશનલ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ હોય છે. હાલ સોના-ચાંદીનું ખરીદ-વેચાણ MCX દ્વારા થાય છે, પરંતુ હવે સરાફા બજાર માટે પણ એક અલગ એકસચેન્જ શરૂ થશે. વાસ્તવમાં આવું એકસચેન્જ હોવું જોઈએ તેવી માગણી ઘણાં વર્ષથી થઈ રહી છે. આ નવી નીતિ લાગુ થવાથી રાષ્ટ્રીય સ્તરે બુલિયન એકસચેન્જ જ સોનાના ભાવ નક્કી કરશે અને આખા દેશના સોનીઓએ એક્સચેન્જ દ્વારા નક્કી થાય એ કિમતે જ સોનું વેચવું પડશે.

# રાજ્યમાં તાંત્રિક અને કાળા જાદુની બદીને દૂર કરવા માટે ખાસ કાયદો લાવવા મુદ્દે જવાબ રજૂ કરવા હાઈકોર્ટનો સરકારને આદેશ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત રાજ્યમાં કાળા જાદુ, અઘોરી અને તાંત્રિક વિધી જેવી અમાનવીય પ્રવૃત્તિઓને અટકાવવા માટે કોઈ કાયદો નહીં હોવાથી બીજા રાજ્યોમાં આવા કાયદાઓ હોવાથી ગુજરાતમાં પણ કાયદો બનાવવાની માગણી કરતી જાહેર હિતની અરજીની સુનાવણી બાદ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજ્ય સરકારના ગૃહ વિભાગના એડીશનલ ચીફ સેક્રેટરી પાસેથી બે સપ્તાહમાં જવાબ રજૂ કરવાના આદેશ કર્યો છે. આ બાબતે વધુ સુનાવણી આગામી તા. ૨ ઓગષ્ટના રોજ હાથ ધરવામાં આવશે. એક સંસ્થા દ્વારા કરવાં આવેલી અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે કાળા જાદુ, અંધશ્રધ્ધા અને તાંત્રિક વિધીઓના નામે બાળકો, મહિલાઓ અને બાળકોને ભોગ બનાવતી પ્રવૃત્તી રોકવા માટે બીજા રાજ્યોમાં કાયદાઓ છે પરંતુ ગુજરાતમાં નથી. આ બાબતે ઘણી રજૂઆતો અલગ અલગ સમયે કરવામાં આવે છે. પરંતુ જવાબ આપવામાં આવતો નથી. અમનાવીય અઘોરી પ્રેકટીસની ઘટનાઓ બની રહી છે. ખાસ કરીને ગુજરાતના સીમાકીય વિસ્તારમાં રહેતા ગરીબ અને અભણ લોકો સાથે આ ઘટનાઓ બની રહે છે. જાહેર હિતની અરજીમાં આવા ૩૦ બનાવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવી ઘટનાઓ રોકવી અત્યંત જરૂરી છે. નાના બાળકોને ભગવાન તરીકે ઓળખવામાં આવે છે. મહિલાઓને ડાકણ તરીકે ચીતરવામાં આવે છે. ૩ મહિનાની બાળકીને લોખંડના સળીયાથી ડામ આપવામાં આવે છે. અરજીમાં એવો વધુમાં મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે, રાજ્યમાં ગેરકાયદેસર તાંત્રિક પ્રવૃત્તિઓ થઈ રહી છે. નાના બાળકો અને મહિલાઓને ભોગ બનાવવામાં આવે છે. એક કિસ્સામાં એક માસુમ બાળાનું તેના પિતા અને કાકા દ્વારા અંધશ્રધ્ધાના નામે પ્રતાડિત કરીને હત્યા કરવામાં આવી હતી. એક ખેડૂત યુગલ દ્વારા માનવ બલિના નામે પોતાના જીવનનો અંત લાવી દીધો હતો. કાળા જાદુના નામે ૧૨ વર્ષની દિવ્યાંગ માસુમ બાળા ઉપર બળાત્કાર કરવામાં આવ્યો હતો. અરજદાર નોંધાયેલી સંસ્થા છે અને તેઓએ વર્કશોપ, સેમિનાર અને રેલીઓ બનાસકાંઠામાં કરી છે. તેઓ આખા ગુજરાતમાં આ બાબતે લોકોને જાગૃત કરવા માટે કામ કરી રહી છે આવી અમાનવીય પ્રવૃત્તિ રોકવા માટે સરકારને પણ રજૂઆત કરી છે. મુખ્યમંત્રી, રાજયપાલ અને વિવિધ વિભાગોને આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતા પણ કોઈ પગલા લેવાયા નથી. ગુજરાતના પાડોશી રાજ્યો જેવા કે માહારાષ્ટ્ર, રાજસ્થાન તેમજ કર્ણાટક, ઓરિસ્સા, આસામ અને છત્તીસગઢમાં આ બાબતે કાયદો બનાવવામાં આવ્યો છે. આ બાબતે એક ડ્રાફ્ટ કાયદો બનાવીને પણ સરકારને મોકલાયો છે. આ બનાવો માનવ અધિકારોનો સરેઆમ ભંગ કરે છે. તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા આ બાબતે આંખ આડા કાન કરીને લોકોના બંધારણીય અને મૂળભૂત અધિકારોનો ભંગ કરવામાં આવે છે. આ બાબતે હાઈકોર્ટે આદેશ કર્યો હતો કે, અરજીની રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવતા રાજ્યમાં કાળા જાદુ અને અઘોરી પ્રેક્ટીસ વગેરે જેવી અમાનવીય પ્રવૃત્તિ માટે કોઈ કાયદો નથી. આથી હોમ ડીપાર્ટમેન્ટના એડીશનલ ચિફ સેક્રેટરી દ્વારા એક સોગંધનામુ બે સપ્તાહમાં રજૂ કરવાનું રહેશે. કોર્ટે સરકારી વકીલને સંબોધીને કહ્યું હતું કે, તમે કલ્યાણ રાજ્ય હોવાથી આ બાબત ધ્યાનમાં લેવી જોઈએ. આ બાબતે શું કરવા માંગો છો. તે જણાવો. આ કેસમાં ગૃહ વિભાગના અગ્ર સચિવને પાર્ટી તરીકે જોડવાના રહેશે, આ બાબતે ૨ ઓગષ્ટના રોજ વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

# રાજકોટ જીલ્લાના પારડી ગામના ભુવાની કપટલીલાનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા




રાજકોટ તા. ૧૭

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના પારડી ગામમાં છેલ્લા સાત વર્ષથી દોરા-ધાગા, ધૂણવું, જોવાના ધતિંગ કરનાર ભુવા ધીરૂભાઈ મગનભાઈ ઘરસુડીયા પટેલનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૫મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુવાને દાણા જોવાની વિધિ ડિંડક સાબિત થવાથી કબુલાતનામાં સાથે માફી માંગી બંધની જાહેરાત કરી હતી. રીમાએ ભુવા સહિત પાંચ શખ્સો સામે ગુન્હો નોંધાવતા ચકચાર થવા પામી હતી. બનાવની વિગત પ્રમાણે વિજ્ઞાન જાથાના કાર્યાલયે સરધાર ગામના બાબુભાઈ બાલાભાઈ ઢાંકેચા, દિકરી રીમા સાથે પરિવાર આવીને આપવિતીમાં માહિતી આપી તેમાં પારડીના ભુવા ધીરૂના કારણે બે પરિવારોમાં વિખવાદ થયો અને દિકરી રીમાને બે મહિના પહેલા ષડયંત્ર મુજબ સાસરીયા પક્ષના મુકી ગયા બાદ દાણા જોવામાં રીમાનું લગ્નજીવન સમાપ્ત નહિ થાય તો પરિવારમાં કોઈકનું મોત થશે તેવું કારણ આપી તેડવા આવતા ન હતા. પતિ સહિત ઘરના સદસ્યોએ ૨૫ તોલા સોનું હસ્તગત કરી લીધું અને પિયર પક્ષને જાકારો આપી દીધો. સમાધાન માટે ખુબ પ્રયત્નો કર્યા પરંતુ કારગત નિવડતા ન હતા. ભુવાના દાણા અવરોધ સાબિત થયા. શાપર વેરાવળ રહેતા મુકેશ મેઘજીભાઈ કાપડીયાએ વિલનનું પાત્ર ભજવી ભુવા પાસે કામ કઢાવી લીધું હતું. રીમાને ઘરમાંથી સાસુનો અતિશય ત્રાસ, જેઠાણી ભૂમિએ સાત-આઠ વાર માર માર્યો, જેઠ હાર્દિક બે-ત્રણ વાર પીઠમાં ધબ્બા માર્યા તેવી હકિકત જણાવી રડવા લાગી હતી. પતિ કૃણાલ સારી રીતે રાખતા હોય સહન કરતી હતી. ભુવાના કહેવાથી પતિએ સાથ છોડી દીધો. આપઘાત કરવા જતા ગામ લોકોએ સમજાવતા પરત ફરી હતી. ભુવાનો રસ્તો વિજ્ઞાન જાથા કરશે તેવું જણાવતા પરિવાર રાજકોટ સ્થિતિ કાર્યાલયે આવ્યો હતો. દિકરી રીમાને બીજો સંસાર માંડવો નથી તેવું મક્કમતા હોય માતા-પિતા લાચાર હતા. સમગ્ર હકિકત સામે આવતા ભુવાનો પર્દાફાશ અને ત્રાસની ફરિયાદ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. પ્રફુલ્લાબેન ઢાંકેચા, અમીતભાઈ રણછોડભાઈ સાક્ષી બનીને જરૂરી આધાર-પુરાવા જાથાને આપ્યા હતા.

આ બાબતો જાથા દ્વારા ખરાઈ કરવામાં આવતા ઉપરોકત બાબત સત્ય સાબિત થઈ હતી. છેલ્લા આઠ દશ વર્ષથી ભુવાનું જોવાનું કામ ધમધોકાર ચાલતું હતું, ભુવો વાકચાતુર્યમાં ગમે તેને આંજી, ભોળાના દેખાવમાં લાગણી જીતી લેતો હતો. દાણા પાડવામાં ડબલ હોંશિયાર હોય, પ્રસંગોપાત ધુણે છે તેવી માહિતી મળી હતી. ભુવાનો રોલ મુકેશભાઈ સાથે ષડયંત્ર મુજબ રીમાને કાયમી પિયર મોકલી ઘરસંસાર સમાપ્તિની દિશામાં લઈ જવાનું કાવત્રું જોવા મળ્યું હતું તેથી જાથાએ ભુવાનો પર્દાફાશ કરવાનું નકકી કરતા જાથાએ પોલીસ રક્ષણ મેળવી રાજકોટથી જાથાના જયંત પંડયા સહિતની ટીમ શાપર-વેરાવળ પહોંચી ત્યાંથી પોલીસ સ્ટાફને સાથે રાખી ભુવાના ઘરે પહોંચેલ હતા. જયાં ભુવા પાટમાં દાણા નાખતા હતા.જાથાના જયંત પંડયાએ પરીચય આપી કાયમી ધુણવું, દાણાની ધતીંગલીલા બંધ કરવા જણાવતા ભુવાએ પરિસ્થિતી પામી હકીકતનો સ્વીકાર કરી ભુલ કબુલી લીધી અને મુકેશભાઈએ રીમાના ઘરસંસાર સમાપ્તિની દિશામાં ષડયંત્ર કર્યુ હતું તે બાબત જણાવી હતી. અને માફી માંગી કાયમી ધતીંગ લીલા બંધ કરવાની જાહેરાત ભુવાએ કરી હતી. આ બાબતે ષડયંત્રમાં સામેલ બધા સામે રીમાએ અલગ ફરીયાદ દાખલ કરેલ હતી.

# જામનગર વનવિભાગની દ્વારકા રેન્જ દ્વારા વન્યજીવ ‘કીડીખાવ’ (Pangolin) નું રેસ્કયું કરાયું



જામનગર તા. ૧૭

જામનગર વન વિભાગ હેઠળની દ્વારકા રેન્જ ના દ્વારકા રાઉન્ડની દ્વારકા બીટ હેઠળ આવતું બરડીયા ગામ,‘ધફન હોટલ’માં કીડીખાવ (Pangolin) વન્યપ્રાણી જોવા મળેલ હોવા બાબતે તા.૧૬-૭-૨૦૨૪ ના રોજ દ્વારકા રેન્જને ટેલીફોનીક જાણ કરવામાં આવતા પરીક્ષેત્ર વન અધિકારી, દ્વારકાના જે.બી. ગઢવી ની સુચનાથી સ્થાનીક વનપાલ એચ.વી. પરમાર, ફોરેસ્ટ ગાર્ડ પી.એલ. બડિયાવદરા, ફોરેસ્ટ ગાર્ડ કે.કે.રાવલીયા, ફોરેસ્ટ ગાર્ડ કે.એન.ભરવાડ તથા કાયમી રોજમદાર શૈલેષ વી. ચાવડા દ્વારા આ સેડયુઅલ-૧ (વિલુપ્ત થતી પ્રજાતી)ની સુચીમા આવતા આ વન્યજીવનું રેસ્કયુ કરી તંદુરસ્ત હોવાથી કુદરતી વાતાવરણમાં મુક્ત કરવામાં આવ્યું હતું.

### શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા

# જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે વિનામૂલ્યે સદ્ગુરૂ નેત્રયજ્ઞનું આયોજન

જૂનાગઢ તા. ૧૭

શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ રાજકોટ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહયોગથી દર માસની ૨૨ મી તારીખે સદ્ગુરૂ નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે અનુસંધાને આગામી તા.૨૨-૭-૨૪ ના રોજ સવારે ૯ થી ૧૧-૩૦ વાગ્યા સુધી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ, ઉતારા વિભાગમાં આયોજન કરવામાં નેત્રયજ્ઞનું આવેલ છે. આ કેમ્પનો મોતીયાના દર્દીઓ લાભ લઈ શકે છે. કેમ્પમાં ડોકટરને બતાવ્યા પછી જો આંખમાં મોતીયો હોય તો કેમ્પના સ્થળથી પ.પૂ.સદ્ગુરૂ રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ ખાતે લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીનથી ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ બીજા દિવસે દર્દીને જૂનાગઢ કેમ્પના સ્થળે પરત મુકી જવાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ, મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા જહેમત ઉઠાવી રહયા છે. આ કેમ્પનો જરૂરીયાતમંદ દર્દીઓને લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# જૂનાગઢ સિંધી સમાજનું ગૌરવ

જૂનાગઢ, તા.૧૭

‘મન હોય તો માળવે જવાય’ સીએની કઠિન ગણાતી પરીક્ષામાં જૂનાગઢના નિલેશ દિનેશભાઈ (ગોપુભાઈ) બજાજ નામના વિદ્યાર્થીએ ૩૦૩ માર્ક્સ મેળવી સીએની પદવી પ્રાપ્ત કરી હતી. વિદ્યાર્થીએ મેળવેલ સિદ્ધિ બદલ સિંધી સમાજના તમામ પંચાયતના હોદ્દેદારો અને સિંધી યુવક મંડળની ટીમ દ્વારા શુભેચ્છા આપવામાં આવી હતી. બે વર્ષ પહેલા યુવકના કાકાએ પણ સીએની પદવી પ્રાપ્ત કરી છે. એક



જ પરિવારના બે સભ્યો સીએ થતા પરિવારજનો અને સમાજમાં ખુશીનું મોજુ છવાયું હતું.

# જૂનાગઢ ગાંધીગ્રામ ગરબી મંડળના બાળ કલાકારને જન્મ દિનની શુભકામના

જૂનાગઢ, તા.૧૭

ગાંધીગ્રામ ગરબી મંડળની બાળ કલાકાર એવા દિવાબેન લાબાંને જન્મદિવસ નીમીતે ગાંધીગ્રામ ગરબી મંડળ તરફથી ખુબ ખુબ શુભકામનાઓ પાઠવવામાં આવેલ છે. મા સોનલ, મા મોગલ, મા રવેચી તેમજ તમામ દેવીદેવતાઓને હરહંમેશ તેમની સાથે રહે તેવી પાર્થના કરી અને ગાંધીગ્રામ ગરબી મંડળના વિરાભાઈ મોરી અને ગરબી મંડળના તમામ



કાર્યકર્તાઓએ શુભેચ્છા પાઠવી હતી.

### ગુજરાત સરકારે ફી ઘટાડો જાહેર કર્યો

# GMERS સંચાલિત મેડિકલ કોલેજના ફી વધારા સામે ચોમેર વિરોધ બાદ લીધો નિર્ણય

### GMERS સંચાલિત મેડિકલ કોલેજની ફી ઘટાડવાની સત્તાવાર જાહેરાત

ગાંધીનગર,તા.૧૭

GMERS સંચાલિત મેડિકલ કોલેજની ફી મુદ્દે આખરે ગુજરાત સરકારે નમતુ જોખ્યું છે. ભાજપની ભગીની સંસ્થા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સહીતના વિવિધ વિદ્યાર્થી સંગઠનોએ, GMERS સંચાલિત મેડિકલ કોલેજની ફીમાં કરેલા તોતીગ વધારા સામે બાંય ચડાવી હતી.

એબીવીપીના ટુંકા નામે ઓળખાતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ફી નહીં ઘટાડાય તો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી. ફી વધારા સામે ચોમેરથી થયેલા વિરોધને પગલે, ગુજરાત સરકારે GMERS સંચાલિત મેડિકલ કોલેજની ફી ઘટાડવાની જાહેરાત કરી છે.

ગુજરાતમાં GMERS સંચાલિત મેડિકલ કોલેજની ફીમાં વધારો જાહેર કર્યો હતો. GMERS ક્વોટાની ફી વધારીને રૂપિયા પાંચ લાખ પચાસ હજાર જાહેર કરી હતી. જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની ફી વધારીને ૧૭ લાખ કરી દેવાઈ હતી. આ ફી વધારો વર્તમાન શૈક્ષણિક સત્રથી જ લાગુ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. GMERS સંચાલિત મેડિકલ કોલેજની ફીમાં વધારો જાહેર કરાતા ઠેર ઠેર તેનો વિરોધ થયો હતો. ખાસ કરીને રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે, ગુજરાતભરમાં GMERS સંચાલિત મેડિકલ કોલેજોમાં આવેદનપત્ર આપ્યું હતું.

ગુજરાત સરકારે સત્તાવાર જાહેરાત કરી છે કે, GMERS સંચાલિત મેડિકલ કોલેજની ફીમાં જે વધારો જાહેર કર્યો હતો તેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. પહેલા GMERS ક્વોટાની ફી વધારીને રૂપિયા પાંચ લાખ પચાસ હજાર કરી દેવાઈ હતી તે હવે ત્રણ લાખ પંચોતેર હજાર કરાઈ છે. જયારે મેનેજમેન્ટ ક્વોટાની ફી વધારીને ૧૭ લાખ કરી દેવાઈ હતી તે ઘટાડીને ૧૨ લાખ કરવામાં આવી છે.

# ઉના બસ સ્ટેશનમાં આવેલ શૌચાલયની સફાઈ કામગીરી કરાવતા ડેપો મેનેજર

ઉના તા. ૧૭

તાજેતરમાં સોશ્યલ મીડિયામાં ઊના બસ સ્ટેશનમાં આવેલ શૌચાલાય સફાઈના અભાવે ગંદકીથી ખદબદતું હોય બસ સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર પણ ગંદકી હોય લોકોને મુશ્કેલી પડી રહી છે તેવા અહેવાલ આવેલ હતા. તેથી તુરંત ઊનાના ડેપો મેનેજર એલ. ડી. રાઠોડએ સફાઈ કર્મચારીઓની સાથે ઉભા રહી શૌાચાલયમાં આવેલ ટોયલેટ અને યુરીનલ સાફ કરવી ચોખ્ખું કરી નવા નળ નખાવી પાણીનો પ્રશ્ન હલ કરેલ અને બસ સ્ટેશનના પ્લેટફોર્મ, પીવાના પાણીનું પરબ, બેસવાના બાકડાઓ પાણીથી સાફ કરેલ




હતા. ડેપો મેનેજર પોતે રોજ બે વખત શૌચાલાયની મુલાકાત લે અને કાયમી સફાઈ રખાવે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

### સહકાર ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે

# સમગ્ર ગુજરાતમાં ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ મોડલ લાગુ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત સરકારે રાજ્યના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ તરીકે ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ પહેલ લાગુ કરી હતી, જેની સફળતા બાદ હવે આ પહેલને રાજ્યના બાકીના તમામ જિલ્લાઓમાં લાગુ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ નવી પહેલના સફળ પ્રયોગને કારણે બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં સહકારી મંડળીઓના સક્રિય સભ્યો દ્વારા ૪ લાખથી વધુ નવા ખાતા ખોલવામાં આવ્યા છે, જેના પરિણામ સ્વરૂપે સહકારી બેંકોની થાપણોમાં ૯૬૬ કરોડનો વધારો થયો છે.

કેન્દ્ર સરકારે ‘સહકારથી સમૃદ્ધિ’ના વિઝન હેઠળ દેશભરમાં સહકારી સંસ્થાઓને મજબૂત કરવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ સહકાર ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. આવા જ એક પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ પહેલ શરૂ કરવામાં આવી હતી, જે ખૂબ જ સફળ રહી છે.સહકાર ક્ષેત્રની આ નોંધપાત્ર સિદ્ધિ અંગે ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, “મજબૂત સહકારી ક્ષેત્ર ‘વિકસિત ગુજરાત’ના પાયામાં મજબૂત આધારસ્તંભ સાબિત થઈ શકે છે. જૂન ૨૦૨૩ અને જાન્યુઆરી ૨૦૨૪ની વચ્ચે, ગુજરાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની પરિકલ્પનાને અનુસરતા બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં ‘સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ પહેલ શરૂ કરી હતી. આ સમયગાળા દરમિયાન, દૂધ સંઘો સાથે સંલગ્ન ૧૦૪૮ દૂધ મંડળીઓના પ્રવર્તમાન બેંક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે એકીકૃત કરવામાં આવ્યા અને વધારાનું ભંડોળ તેમના નવા બેંક ખાતાઓમાં સંપૂર્ણપણે ટ્રાન્સફર કરવામાં આવ્યું. બંને જિલ્લાની સહકારી બેંકોમાં ૪.૭ લાખથી વધુ નવા બચત ખાતા ખોલવામાં આવ્યા, જેના કારણે આ બેંકોની હાલની થાપણોમાં ૯૬૬ કરોડનો વધારો થયો.

આ પહેલ હેઠળ સહકારી સંસ્થાઓ અને સક્રિય સભ્યોને કુલ ૩.૩૨ લાખ RuPay ડેબિટ કાર્ડ પણ જારી કરવામાં આવ્યા છે.આ ઉપરાંત, ગ્રામ્ય સ્તરે બેંકિંગ સુવિધાઓ અને નાણાકીય પ્રવાહીતા વધારવા માટે, આ જિલ્લાઓમાં કુલ ૧૭૩૬ મંડળીઓ, જેમાં દૂધ સંઘો સાથે સંકળાયેલી અગ્રણી દૂધ મંડળીઓનો પણ સમાવેશ થાય છે, તેમને ‘બેંક મિત્ર’ બનાવી તેઓને માઈક્રો ATM (પોઈન્ટ ઓફ સેલ મશીન) પૂરા પાડવામાં આવ્યા છે. આ સહકારી સંસ્થાઓ પર્યાપ્ત આવક મેળવે તે સુનિશ્ચિત કરવા માટે કમિશનના દરો પણ નક્કી કરવામાં આવ્યા છે, જે માઈક્રો- ATMના અસરકારક ઉપયોગને પ્રોત્સાહિત કરશે.આ પહેલ હેઠળ, સભ્યો દ્વારા નાણાકીય સેવાઓ મેળવવામાં આવતા પડકારોને ધ્યાનમાં રાખીને, સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ૧૬૩૧થી વધુ કર્મચારીઓને માઈક્રો- ATMના સંચાલન, રોકડ ઉપાડ અને થાપણો સહિત ડિજિટલ વ્યવહારો પર વિશેષ તાલીમ આપવામાં આવી છે. બનાસકાંઠા અને પંચમહાલમાં આ પાયલટ પ્રોજેક્ટની સફળતા બાદ રાજ્ય સરકારે તમામ જિલ્લાની સહકારી સંસ્થાઓમાં તેનો અમલ કરવાનો નિર્ણય લીધો છે.

# નોઈડાની નૈનિતા બેંકનું સર્વર હેક કરી ૧૬.૫૦ કરોડ રૂપિયાની કરી ચોરી

નોઈડા, તા.૧૭

યુપીના નોઈડામાં આવેલી નૈનીતાલ બેંકની શાખામાંથી એક મોટો સાયબર ક્રાઈમ કેસ પ્રકાશમાં આવ્યો છે. સાયબર ઠગોએ અહીંથી ૧૬.૫૦ કરોડ રૂપિયાની લૂંટ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૬.૫૦ કરોડ રૂપિયા કથિત રીતે સાયબર લૂંટ દ્વારા અજાણ્યા છેતરપિંડી કરનારાઓના વિવિધ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (સાયબર ક્રાઈમ) વિવેક રંજન રાયે જણાવ્યું કે પોલીસે જૂનમાં પાંચ દિવસના સમયગાળામાં બનેલા ગુનાની તપાસ શરૂ કરી દીધી છે. રાયે કહ્યું, ‘સેક્ટર ૬૨ સ્થિત નૈનીતાલ બેંક શાખાના મેનેજરે અહીંના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે કેટલાક અજાણ્યા લોકોએ ૧૬ અને ૨૦ જૂનની વચ્ચે બેંકના સર્વરને હેક કર્યું હતું.’

અધિકારીએ જણાવ્યું હતું કે, “આ ગુનાના ગુનેગારોએ બેંક મેનેજરના લોગિન આઈડી અને પાસવર્ડ પર નિયંત્રણ મેળવવા માટે હેક કરેલા સર્વરનો ઉપયોગ કર્યો હતો.” આમ કરીને બેંકમાંથી વિવિધ ખાતાઓમાં ૧૬.૫૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે આ મામલે અત્યાર સુધી કરવામાં આવેલી તપાસમાં પ્રકાશમાં આવ્યું છે કે આ રકમ અલગ-અલગ ૮૯ ખાતાઓમાં મોકલવામાં આવી છે. તેમણે કહ્યું કે આ મામલાની તપાસ માટે એક વિશેષ ટીમની રચના કરવામાં આવી છે.

# સરકારી તબીબોના ઈન્સેન્ટીવમાં વધારો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અંગે આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત સરકારી હોસ્પિટલોમાં લાભાર્થીઓને અપાતી સારવારનું ધોરણ વધારવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મંત્રી ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે,સરકારી હોસ્પિટલોને મળતી PMJAYની આવકમાંથી હોસ્પિટલોના ડોક્ટર, પેરા-મેડીકલ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફને અપાતા ઈન્સેન્ટીવમાં મોટા પ્રમાણમાં વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. હાલ મળતા ઈન્સેન્ટીવમાં આશરે ૧૦ થી ૧૫ ગણો વધારો થશે.અગાઉ PMJAYના કુલ લાભાર્થીઓમાં ફક્ત SECC (BPL યાદી વાળા) લાભાર્થી પેટે થતી આવક જ ઈન્સેન્ટીવ માટે વિતરણને પાત્ર હતી. જેમાં ફેરફાર કરી હવે ઈન્સેન્ટીવ આપવા માટે PMJAYની સંપૂર્ણ આવકને ધ્યાને લેવામાં આવશે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કુલ આવકના ૨૫ % શેયર થશે. આણંદ, મહેસાણા, જામનગર, નવસારી જેવા મુખ્ય શહેરોના નજીક આવેલ જિલ્લાની હોસ્પિટલોમાં શેયર ૩૫ % રહેશે, જ્યારે રાજ્યના આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ, અંતરિયાળ વિસ્તારવાળા જિલ્લાઓમાં શેયર ૪૦% થશે. રાજ્યમાં PMJAY અંતર્ગત અત્યારે થતા કુલ ક્લેઈમના ૧૮ ટકા ક્લેઈમ સરકારી હોસ્પિટલમાં થાય છે. આ ક્લેઈમની સંખ્યાને વધારીને એક વર્ષમાં ૨૫ ટકા અને બે વર્ષમાં ૩૦ ટકા ઉપર લઈ જવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેઘરાજાનો મુકામ: જિલ્લામાં સાર્વત્રિક ત્રણ ઈંચ સુધી વરસાદ






(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગઈકાલે મંગળવારે પુન: મેઘરાજાનો મુકામ બની રહ્યો હતો. સોમવારે રાત્રિથી શરૂ થયેલી મેઘ સવારી મંગળવારે પણ જારી રહેતા જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં એકથી ત્રણ ઈંચ સુધીનો ધોધમાર વરસાદ વરસી ગયો હતો. જેના કારણે નાના-મોટા જળસ્ત્રોતોમાં પાણીની ધીંગી આવક થઈ હતી. મહત્વની બાબત તો કે ખંભાળિયાના ઘી ડેમ તથા સિંહણ ડેમમાં પણ નવા પાણીની આવક થવા પામી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગઈકાલે આખો દિવસ વરસાદી માહોલ રહ્યો હતો. જેમાં સૌથી વધુ કલ્યાણપુર પંથક પર મેઘરાજા મહેરબાન થયા હતા. સરકારી ચોપડે કલ્યાણપુર તાલુકામાં બપોરે ૯ મી.મી. બાદ સાંજે ૬ થી ૮ દરમિયાન બે ઈંચ પછી પણ વરસાદી ઝાપટાનો દૌર ચાલુ રહ્યો હતો અને તાલુકામાં કુલ પોણા ત્રણ ઈંચ (૬૬ મી.મી.) વરસાદ નોંધાયો હતો. કલ્યાણપુર તાલુકાના લાંબા, ભોગાત, આસોટા સહિતના ગામોમાં ત્રણથી ચાર ઈંચ સુધી વરસાદ વરસી ગયો હતો.

ખંભાળિયામાં ચોમાસાના પ્રારંભથી જ વરસાદી હેત વધુ વરસ્યું છે. જેમાં ગઈકાલે દિવસ દરમિયાન હળવા ઝાપટા બાદ રાત્રિના સાત વાગ્યાથી ૯ વાગ્યા સુધીના સમયગાળામાં વીજળીના કડાકા ભડાકા સાથે તોફાની બે ઈંચથી વધુ (૫૨ મી.મી.) પાણી પડી ગયું હતું. ધોધમાર વરસાદના પગલે નિંચાણવાળા વિસ્તારોમાં ગોઠણબુડ પાણી ચાલી નીકળ્યા હતા. અને થોડો સમય પાણીનો ભરાવો થયો હતો. રામનાથ રોડ, નગર ગેઈટ, પોરબંદર રોડ, વિગેરે વિસ્તારના રસ્તાઓમાં પાણીનો ભરાવો થઈ જતા વાહનચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આટલું જ નહીં, કેટલાક સ્થળોએ કાર તેમજ બાઈક જેવા વાહનો બંધ પડી જતા વાહન ચાલકો, રાહદારીઓને મુશ્કેલી થઈ હતી.

ખંભાળિયા તાલુકાના વડત્રા, ભાડથર, હરીપર વિગેરે ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદના પગલે ખંભાળિયા શહેરને પીવાનું તથા આસપાસના વિસ્તારોમાં સિંચાઈ માટેનું પાણી પૂરું પાડતાં ઘી ડેમમાં આશરે પોણો ફૂટ જેટલું નવું પાણી આવતા ડેમની સપાટી સાડા નવ ફૂટ સુધી પહોંચી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ખંભાળિયા તાલુકામાં પણ ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે ખંભાળિયા - જામનગર રોડ ઉપર આવેલા મહત્વના એવા સિંહણ ડેમમાં પણ વધુ અઢી ફૂટ નવા નીરની આવક થતા ડેમની સપાટી સાડા ૧૧ ફૂટે પહોંચી છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદથી અનેક નાના-મોટા ચેકડેમ તેમજ નદીનાળા છલકાઈ ગયા છે. જ્યારે અન્ય જળ સ્ત્રોતોમાં પાણીની ધિંગી આવક થવા પામી છે.

ગાજવીજ સાથેના ગઈકાલના આ વરસાદના કારણે કલ્યાણપુર તાલુકાના ગાંગડી ગામે રહેતા એક આસામીની માલિકીની ત્રણ ભેંસો પર આકાશી વીજ ત્રાટકતા આ ભેંસના મોત નીપજ્યા હતા. આ ઉપરાંત કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે એક ગાય પર પણ વીજળી પડતા તેનું પણ મોત થયું હતું. કલ્યાણપુર પંથકમાં ગત સાંજના ભારે પવનના કારણે ચાચલાણા ગામના એક ખેડૂતના મકાનના પતરા તૂટી ગયા હતા. કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામ પાસે ૬૬ કે.વી. તથા ૧૩૨ કે.વી. વીજળીના મોટા વીજપોલ પડી જતા વ્યાપક નુકસાની થવા પામી હતી. સાથે જીવંત વીજ વાયર ૧૧ કે.વી.ની લાઈનો પર પડતા લાંબો સમય વીજ વિક્ષેપ સર્જાયો હતો.

ગઈકાલે દિવસ દરમિયાન દ્વારકા તાલુકામાં સૌથી વધુ સાંજે ૬ થી ૮ વાગ્યા દરમિયાન દોઢ ઈંચ સહિત કુલ અઢી ઈંચ (૬૩ મી.મી.) વરસાદ વરસી ગયો હતો. જ્યારે ભાણવડમાં માત્ર ભારે ઝાપટા રૂપે ૭ મી.મી. વરસાદ નોંધાયો હતો. ખંભાળિયા તાલુકાના બારાડી બેરાજા ગામે રહેતા દેવશીભાઈ ચાવડાના ઘર પર વીજળી પડતા તેમના ઘરના ઈલેક્ટ્રોનિક ઉપકરણો સળગી ગયા હતા અને છતમાં ખાડા પડી ગયા હતા. જોકે પરિવારજનોનો આબાદ બચાવ થયો હતો.

આજે સવારથી જિલ્લામાં મહદ અંશે વરસાદી બ્રેક રહી હતી. સાર્વત્રિક અને મુશળધાર વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. ખંભાળિયા તાલુકામાં સૌથી વધુ ૩૧ ઈંચ (૭૭૯ મી.મી.) કલ્યાણપુર તાલુકામાં ૧૮ ઈંચ (૪૪૨ મી.મી.), દ્વારકા તાલુકામાં ૧૬ ઈંચ (૪૦૨ મી.મી.) અને ભાણવડ તાલુકામાં ૧૪ ઈંચ (૩૫૩ મી.મી.) કુલ વરસાદ નોંધાયો છે. આ સાથે જિલ્લાનો કુલ સરેરાશ વરસાદ ૨૦ ઈંચ (૪૯૫ મી.મી.) થયો છે.

## રાજ્યમાં ૪૭ તાલુકામાં પડ્યો નોંધપાત્ર વરસાદ

# ગીરસોમનાથમાં ખાબક્યો ૫ ઈંચ તો માંગરોળમાં પડ્યો ૩ ઈંચ વરસાદ

### રાજ્યના અનેક તાલુકાઓમાં મેઘરાજા મનમુકીને વહાલ વરસાવી રહ્યા છે આજના દિવસે રાજ્યના ૪૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે

(પ્રતિનિધી દ્વારા)

વેરાવળ તા.૧૭

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં સર્વત્ર વરસાદી માહોલ જામ્યો છે. ગઈકાલે રાજયના ૪૭ તાલુકામાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે. ગીરસોમનાથમાં ધમાકેદાર બેટીંગ કરતા એકસાથે ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. જયારે માંગરોળમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો છે.

રાજયમાં ૪૮ કલાકની સાર્વત્રિક વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજયના અનેક તાલુકાઓમાં મેઘરાજા મનમુકીને વહાલ વરસાવી રહ્યા છે. આજના દિવસે રાજયના ૪૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. રાજયના ૬ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જયારે સૌથી વધુ ગીરસોમનાથમાં ૫ ઈંચ વરસાદ પડ્યો છે. માંગરોળમાં ૩ અને માળિયાહીટીનામાં ૨ ઈંચ વરસાદ પડ્યો છે.જુનાગઢની વાત કરીએ તો અહીં મેઘરાજાએ જમાવટ કરી છે. માંગરોળમાં મેઘરાજા મન મુકીને વરસ્યા. હવામાન વિભાગના આંકડા મુજબ માંગરોળમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. જે બાદ અનેક નીચાણવાળા વિસ્તારો પાણી-પાણી થયા છે. આ તરફ ટાવરચોક, બસસ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાયા. જ્યારે માળીયા હાટીનામાં પણ ૨ ઈંચ વરસાદ વરસ્યો છે. અસહ્ય ગરમી વચ્ચે મેઘમહેર થતા નાગરિકોએ રાહતનો અનુભવ કર્યો. ગીર સોમનાથમાં પણ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ રાજયમાં સૌથી વધુ ગીરસોમનાથમાં ૫ ઈંચ વરસાદ વરસ્યો છે. વેરાવળ, સુત્રાપાડામાં પણ વરસાદના અહેવાલ છે. વેરાવળમાં ધોધમાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા. સટ્ટાબજાર, સુભાષ રોડ, લોહાણા હોસ્પિટલ રોડ પણ પાણીમાં ગરકાવ થયો. મેઘરાજા જાણે કે મહાદેવ પર જળાભિષેક કરતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા અને તપેશ્વર મહાદેવ મંદિરમાં પાણી ઘુસ્યા. લાંબા વિરામબાદ વરસાદ થતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

# ભારતીય રેલ્વેએ "રેલ્વે માટે સ્ટાર્ટઅપ્સ" પહેલની સાથે ઈનોવેશનને પ્રોત્સાહન આપ્યું



અમદાવાદ તા.૧૭

નવીનતાઓ ના માધ્યમથી રેલ્વે પરિચાલન અને સેવાઓને સુધારવા માટે નવીનતા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા રેલ્વે મંત્રાલયે ૧૩ જૂન, ૨૦૨૨ ના રોજ "રેલવે માટે સ્ટાર્ટઅપ્સ" પહેલ શરૂ કરી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રેલ્વે નેટવર્ક ના પરિચાલન ક્ષમતા અને સુરક્ષા વધારવા માટે ભારતીય સ્ટાર્ટઅપ્સ, MSME, ઈન્ડિવિઝ્યુઅલ ઈનોવેટર્સ, અનુસંધાન અને વિકાસ સંગઠનો/ સંસ્થાઓ, ગૈર સરકારી સંગઠનો અને ઉદ્યોગસાહસિકોની કુશળતાનો લાભ લેવાનો છે

આ પહેલ હેઠળ, ભારતીય રેલવે ઈનોવેશન પોર્ટલને https://innovationindianrailways.gov.in/ પર પણ લાઈવ કરવામાં આવ્યું છે. જુલાઈ ૨૦૨૪ સુધીમાં, ઈનોવેશન સાથે સંકળાયેલી કુલ ૧૯૪૨ સંસ્થાઓએ ભારતીય રેલ્વેના ઈનોવેશન પોર્ટલ પર નોંધણી કરાવી છે. તેમાં સ્ટાર્ટઅપ્સ, ઈન્ડિવિઝ્યુઅલ ઈનોવેટર્સ, MSME, અનુસંધાન અને વિકાસ સંગઠન વગેરેનો સમાવેશ થાય છે.

રેલ મંત્રાલયે ઈનોવેશન પોલિસીના વિવિધ હિતધારકોની વચ્ચે જાગરૂકતા ફેલાવવા માટે કાળજીપૂર્વક આયોજિત કાર્યશાળા/ બેઠકો/ વાર્તા/વીસીનું આયોજન કર્યું છે, જેના પરિણામે સ્ટાર્ટઅપ્સ/ ઈનોવેટર્સની સારી ભાગીદારી થઈ છે.રેલ મંત્રાલયને અત્યાર સુધી ઈનોવેશન પોર્ટલ પર ખોલવામાં આવેલા ૨૮ સમસ્યા વિવરણો માટે કુલ ૪૨૩ દરખાસ્તો પ્રાપ્ત થઈ છે. અત્યાર સુધી ૧૫ સમસ્યા વિવરણો માટે કુલ ૨૩ ઈનોવેશન પરિયોજના એનાયત કરવામાં આવી છે. ૨૩ પુરસ્કૃત ઈનોવેશન પરિયોજના કિંમત આશરે રૂ. ૪૩.૮૭ કરોડ રૂપિયા છે, જેમાંથી લાયક સંસ્થાઓને રેલવેના અનુદાનમાં હિસ્સો આશરે રૂ. ૧૦.૫૨ કરોડ રૂપિયા છે.

જે સમસ્યા વીવરણો ના માટે પરિયોજનાઓ પહેલાથી જ મંજૂર કરવામાં આવ્યા છે તેમાં હેવી ડ્યુટી ફ્રેઈટ વેગન માટે સુધારેલ ઈલાસ્ટોમેરિક પૈડ ની ડિઝાઈન, મીઠું જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે હળવા વજનના વેગન, રેલ સ્ટ્રેસ મોનિટરિંગ સિસ્ટમ, ચોકસાઈ નિરીક્ષણ તકનીકે બ્રોકન રેલ સિસ્ટમ, ટ્રેક ક્લિનિંગ મશીન, VPU/પાવર કાર/SLRમાં ઓડિયો વિઝ્યુઅલ એલાર્મ સાથે સેન્સર આધારિત લોડ કેલ્ક્યુલેશન ઉપકરણનો વિકાસ, સરળ OHE કેન્ટીલીવર ડિઝાઈન, ક્વિક પોઈન્ટ લોકીંગ કલેમ્પ/સિસ્ટમ, વાયરલેસ નેટવર્કિંગ સાથે ભારતીય રેલ્વે ના કોચો માટે સેન્સર આધારિત ફાયર/સ્મોક ડિટેક્શન સિસ્ટમનો વિકાસ, ભારતીય રેલ્વે પર બુક કરાયેલ કન્સાઈનમેંટની સુરક્ષા માટે ઈ-સીલ સિસ્ટમ, ઓછી દશ્યતા અને સંચાર ના અભાવને કારણે શન્ટિંગ દરમિયાન અસુરક્ષિત પરિસ્થિતિઓને ટાળવા માટે તકનીકી ઉકેલોનો વિકાસ, લોકો પાઈલટ અને ગાર્ડને ચેતવણીની માહિતી, એલવીપીએચ કોચની છત પર ફ્લેક્સી સોલર વીવી પેનલ્સ સાથે સૌર ઉર્જા, ઉત્પાદન માટે સિસ્ટમોની જોગવાઈ, ભારતીય રેલ્વે કોચ પર વાયરલેસ નેટવર્કિંગ સાથે સેન્સર આધારિત ફાયર/સ્મોક ડિટેક્શન સિસ્ટમનો વિકાસ (Vul-II) વગેરે શામિલ છે ઉપરોક્ત સમસ્યા વિવરણોમાં નવીનતાઓથી ન કેવળ રેલ્વેની પરિચાલનમાં સુધારો થશે, પરંતુ તેમની મદદ થી સુરક્ષા અને સુવિધાઓમાં પણ વધારો થશે.

# જૂનાગઢમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે બાળ શક્તિ સંગઠનની રચના કરવામાં આવી

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢમાં છ વર્ષથી લઈને ૧૫ વર્ષ સુધીના બાળકો માટે વીરબાઈમાં મહિલા મંડળના સહયોગથી બાળ શક્તિ સંગઠનની રચના કરવામાં આવી છે, જેમાં બાળકોના સર્વાંગી વિકાસ માટેની વિવિધ પ્રવુતિઓનું સિંચન કરવામાં આવશે.

જૂનાગઢમાં લોહાણા મહિલા પરિષદ મહિલા સમિતિ વીર અભિમન્યુ, વીરબાઈ માં મહિલા મંડળના સહયોગથી બાળ શક્તિ સંગઠનની રચના કરવામાં આવી છે.

જૂન મહિનાના ત્રીજા શનિવારે સંગઠનની રચના કરવામાં આવી હતી, શહેરના નગરશેઠની હવેલી, પંચહાટડી ચોકમાં કાર્યરત થશે, જેમાં છ વર્ષથી લઈને ૧૫ વર્ષ સુધીના બાળકો આ સંગઠનમાં જોડાઈ શકશે. જેનો સમય સાંજના ૫ થી ૬.૩૦ સુધીનો રહેશે.

આ સંગઠનમાં જોડાયેલા બાળકોને બાળ શક્તિ સંગઠનની પ્રવુતિ કરાવવામાં આવશે, જેમાં ગીતાજીના શ્લોકનું પઠન, અધ્યન, પ્રાણાયામ, વ્યાયામ, સૂર્ય નમસ્કાર, ફની ગેઈમ, માનસિક શારીરિક વિકાસને લગતી પ્રવુતિઓ કરવામાં આવશે, મહિલા ઝોન સમિતિ-૩ ના પ્રમુખ પુજાબેન કારીયા, સેક્રેટરી અલ્પાબેન ઉંનડકટ, કાજલબેન લાખાણી સહિતના દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

# વેરાવળ : છ માસના બાળકને માતાની હૂફ અપાવતી અભયમ ટીમ

### અભયમ ટીમની મદદથી છતી માતાએ માતાવિહોણાં બનેલા બાળકને મળ્યો માતાનો પ્રેમ




(પ્રતિનિધી દ્વારા)

વેરાવળ તા.૧૭

સમગ્ર રાજયમાં અભયમ ટીમનું કામ સુંદર રીતે થઈ રહયું છે તેનો દાખલો વેરાવળમાં બનવા પામેલ છે. જેમાં સમાજમાં માતા પિતા વચ્ચે નાની મોટી બાબતોના કારણે અણ બનાવો બને છે અને ઘણા બાળકો માતાનું અથવા પિતાનું વાત્સલ્ય ગુમાવે તેવા બનાવો બંતહોય છે.એવા જ એક બનાવમાં તાલાલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક મહિલાએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક સાધતા પોતાની આપવીતી જણાવી. જેથી ફરજ પર હાજર રહેલ કાઉન્સેલર મનિષા ધોળીયા, કોન્સ્ટેબલ ધારાબેન તેમજ પાઈલોટ રમેશભાઈ સ્થળ પર પહોંચી ગયા. પીડિત મહિલાએ પોતાની આપવીતી જણાવતા કહેલું કે મારા લગ્નના ૫ વર્ષ થયા છે. સંતાનમાં બે બાળકો છે. મારી સાસુ સાથે અવાર - નવાર નાના - મોટા ઝગડાઓ થયા કરતા હોય તેના કારણે મારા પતિ મને ખૂબ મારઝૂડ કરે છે. ત્યારબાદ મારો દીકરો છીનવી લીધો અને મને ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી જેથી મારા પિયર જતી રહી. પરંતુ મારા છ મહિનાનું બાળક છે. તે પેટ ભરે તેના વગર રહી નથી શકતી. મને મારું બાળક અપાવી દયો. તે પીડિતાને લઈ તેના પતિના ઘરે ગયા તેના પતિનું કાઉન્સિ લિંગ કરી સમજાવ્યું હતું કે તમારું બાળક છ મહિનાનું પણ નથી અને તેના માટે ફીડિંગ( માતાનું ધાવણ) તે શારીરિક વિકાસનો પાયો છે. માટે તેને હાલ માતાના હુંફની જરૂર વધારે હોય છે આમ સામાજીક અને કાયદાકીય સમજ આપી હતી. જે પછી માતાએ બાળકની લેખિત બાહેંધરી લીધી હતી. તેનાથી સંતુષ્ટ થઈ અને બાળકનો કબ્જો માતાએ લીધો. આમ માતાના પ્રેમથી વંચિત રહેલ કુમળા ફૂલ જેવા બાળકને અભયમ ટીમે માતાની હૂફ અપાવી હતી. અને પીડિતાએ અભયમ ટીમનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.

બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, બન્ટી રામરખીયાણી મો. ૯૦૨૯૦૦૪૭૦૧, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, રાજેશ ડાંગર મો. ૭૭૭૭૯૦૦૦૫૮,

**ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

આથી જાહેર નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબ ના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ દ્વારા હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (હવે પછીથી સદરહુ કંપની તરીકે સંબોધવામાં આવશે) ખાતેથી લોન મેળવેલ છે અને તે લોન પેટેના તેમના માસિક હપ્તાની (EMI) ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદરહુ કંપની દ્વારા આર.બી.આઈ./નેશનલ હાઉસિંગ બોર્ડ દ્વારા બહાર પાડવામાં માં આવેલ વખતો વખત ના નિયમને આધીન નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું લોન ખાતું એન.પી.એ. (N.P.A.) જાહેર કરવામાં આવ્યું છે અને નીચે મુજબના ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ઉપર ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ મુજબ સદરહુ કંપનીના ઑથૉરાઈઝડ ઓફિસર દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે અને તે કાર્યવાહી ના ભાગરુપે સદરહુ કંપનીના ઑથૉરાઈઝડ ઓફિસર દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાના છેલ્લા સરનામાં ઉપર આર.પી.એ.ડી. દ્વારા ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસ પાઠવામાં આવેલ હતી જે નોટિસ બજ્યા વગર ની સદરહુ કંપનીના ઑથૉરાઈઝડ ઓફિસર ને પરત મળેલ હતી અને સદરહુ કંપનીના ઑથૉરાઈઝડ ઓફિસરની પાક્કી માહિતી મુજબ નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા જાણી જોઈને ઉપરોક્ત મુજબની નોટિસની બજવણી કરવા દેવા ન માંગતા હોય, તેથી કરીને આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે. આ નોટિસ દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાને ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની જોગવાઈ મુજબ નીચે મુજબના કોષ્ઠક માં દર્શાવેલ રકમ ભવિષ્યના વ્યાજ અને ખર્ચ સહિત ૬૦ દિવસ માં ભરી જવા સુચવામાં આવે છે. જો નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નીચે દર્શાવ્યા મુજબ ની સંપૂર્ણ રકમ નોટિસ ની તારીખ થી ૬૦ દિવસ ની અંદર ભરપાઈ ન કરે તો સદરહુ કંપનીના ઑથૉરાઈઝડ ઓફિસરની સદરહુ કાયદાની કલમ ૧૩(૪) અને ૧૪ હેઠળ આપેલ એવા બધાજ હકો નો ઉપયોગ કરવા સ્વતંત્ર છે જેમાં મોર્ગેજ મિલકતો/મુકરર અસ્ક્યામતો નો કબજો લઈ વેચાણ કરવાની સત્તા માટે સક્ષમ છે. વધુમાં ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ને સુચવામાં આવે છે કે આ નોટિસ મળ્યા પછીથી સરફેશિ કાયદા ની કલમ ૧૩ ની પેટા કલમ ૧૩ ની હેઠળ મુકરર મિલકત વેચાણ, ભાડે, કે કોઈ રીતે મુકરર લેણદાર ની લેખિત પરવાનગી સિવાય તબદીલ કરવાની મનાઈ ફરમાવે છે. ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ ઉધારકર્તાઓ તેમની મુકરર મિલકત સંપૂર્ણ દેવા, નીચે જાહેર હરાજી ની નોટિસ માં પ્રદર્શિત થાય તે પહેલા ભરીને છોડાવી શકે છે જે ત્યાર પછી ભરી શકાશે નહીં. ઉપરોક્ત જણાવેલ સૂચના/આદેશોનો ભંગ સદરહુ કાયદા ની કલમ -૨૯ મુજબ જૈલની સજા અથવા/અને દંડ ને પાત્ર ગુનો બને છે જેની જાણ આથી કરવા માં આવે છે. ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ની વિગત નીચે મુજબ ની છે :

| | ઉધારકર્તાઓ, અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર | મોર્ગેજ કરેલ સ્થાવર મિલકતનું વર્ણન |
|---|---|---|---|
| ૧ | ઉધારકર્તા :- શ્રી જગદીશ દેસાઈ સહ-ઉધારકર્તા :- શ્રી ભાવનાબેન દેસાઈ | Dt. 24/05/2024 & Rs. 17,71,958/- & A/C No. GJ/JGD/JSPR/A000000040 | શ્રી ગુજરાત રાજયના જૂનાગઢ જીલ્લા-તાલુકાના વિસાવદર માં સ્થાવર રહેણાંક મિલકતના ૫૭-૭૦ ચો. Mts. R.S. ના પ્લોટ નં.૪૭ બેરિંગ બ્લોક નં.૧ ના. નં. ૮૭/૨/ડી પી અને ૮૭/૨/ઇ, વિસાવદર ખાતે આવેલું, પેટા જિલ્લો: વિસાવદર, જિલ્લો: જૂનાગઢ અને આ રીતે સીમિત: ઉત્તર: બ્લોક નં.૨ ના પ્લોટ નં.૪૭ બેરિંગ પ્રોપર્ટીની જમીન દક્ષિણ: બ્લોક નં.૨ ના પ્લોટ નં.૪૬ બેરિંગ પ્રોપર્ટીની જમીન પૂર્વ : ૬-૦૦ મીટર પહોળો રોડ પશ્ચિમ: ક્રમ નં.૮૬૫ની જમીન |

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૧૭-૦૭-૨૦૨૪

અધિકૃત અધિકારી
હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

# સોમનાથ અષાઢ સુદ તેરસથી બહેનોના ઉપાસના પર્વ જયા પાર્વતિમય બનશે




(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૭

સુપ્રસિધ્ધ સોમનાથ તિર્થ અષાઢ સુદ તેરસથી અષાઢ વદ ત્રીજ સુધી જયાં પાર્વતી વ્રતમય બનશે. બજારમાં આ વ્રતમાં પુજન કરાતા જવારા એટલે કે ઘઉં, જવાર, મગ સહિતના નાના રોપાઓના સમુહમાં માટીમાં વાવેતર કરાયેલ રોપાઓ વેચાણ શરૂ થઈ ચુકયા છે. પ્રભાસના વિદ્વવાન પંડિત નાનુભાઈ પ્રચ્છકે આ વ્રત અંગે જણાવ્યું હતું કે, આ વ્રત અષાઢ સુદ તેરસથી અષાઢ વદ ત્રીજ સુધી ઉજવાય છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આ પ્રાચીત વ્રત વધુ પ્રચલીત છે.

ઓછામાં ઓછું પાંચ વર્ષ આ વ્રત કરાતું છે. જયારે કેટલાક બહેનો ૧૫ કે ૨૦ વર્ષ સુધી પણ ઉજવે છે. આ વ્રત માતા પાર્વતિનું વ્રત છે. કુમારિકાઓ જવારા વાવે છે અને સારો પતિ મળે, સૌભાગ્ય વંત અને સુખરૂપ જીવન માટે કરાતું આ કન્યાઓનું વ્રત છે તેમ નાનુભાઈ પ્રચ્છક કહે છે. વ્રત કથા અનુસાર મહષી નારદની સલાહ અનુસાર વામન અને સત્યા દંપતિએ સંતાનસુખ માટે અપુજ શિવલિંગની આરાધના કરી જેથી તેને ફળ મળ્યું. આ વ્રતમાં મીઠા વગરનું ભજન લેવાય છે અને વ્રતના અંતિમ દિવસે જાગરણ મનાવાય છે.

## જૂનાગઢમાં મહારકતદાન કેમ્પ યોજાશે

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ રાજકોટ રોડ દોલતપરા ખાતે આવેલ ભગવતી ઓટોલીન્ક પ્રા.લી. (ટાટા મોટર્સ શો રૂમ) ખાતે તા. ૨૦-૭-૨૪નાં રોજ સવારે ૯.૩૦ થી સાંજનાંદ ૭ વાગ્યા સુધી મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. મહારકતદાન કેમ્પમાં રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નં. ૭૮૭૮૨ ૦૧૨૦૧, ૯૯૯૮૯ ૯૨૬૯૦નો સંપર્ક સાધવા યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ શહેરમાં સેજ-તાજીયા પડમાં આવ્યા - આજે રાત્રે રાજમાર્ગો પર ઝુલુસ નીકળશે







જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ સહિત સોરઠભરમાં મુસ્લીમ બિરાદરો દ્વારા પવિત્ર મહોરમ પર્વ નિમિતે કલાત્મક તાજીયા તૈયાર કરવામાં આવ્યા છે. ગઈકાલે સાંજે તાજીયા પડમાં આવ્યા હતા. આજે સાંજે સેજની આગેવાનીમાં ૧૦૦થી વધુ તાજીયાઓ કરબલાના મેદાનમાં દફનવિધી માટે ઝુલુશ સ્વરૂપે નીકળશે. મહોરમ પર્વને લઈ જૂનાગઢ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

કરબલાના શહીદ હઝરત ઈમામ હુશેન અને તેમના ૭૨ સાથીદારોની શહાદતની યાદમાં મુસ્લીમ બિરાદરો દ્વારા મહોરમને ગમના પર્વ તરીકે મનાવવામાં આવે છે. ગઈકાલે સાંજે જૂનાગઢ શહેરમાં નવાબી સમય ચાંદીની સેજ સહિત ૧૦૦થી તાજીયાઓ પડમાં આવ્યા હતા. સેજની ટાંકી ખાતે ચાંદીની સેજ દર્શનાર્થે રાખવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લીમ સમાજના લોકો દર્શન કરવા ઉમટી પડયા હતા. આજે વહેલી સવારે મહોર્રમની લઈ વિશેષ નમાજનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં મોટી સંખ્યામાં મુસ્લીમ બિરાદરો જોડાયા હતા. ત્યાર બાદ આજે સાંજે સેજ અને દાતારબાપુના તાજીયાની આગેવાનીમાં શહેરના અન્ય તાજીયા ઝુલુશ સ્વરૂપે નીકળશે જેને વહેલી સવારે ઠંડા કરાશે.

આજે સાંજે સેજની ટાંકી ખાતેથી સેજની આગેવાનીમાં અન્ય તાજીયાઓનું ઝુલુશ નીકળશે જે લીમડા ચોક, દિવાન ચોક, માંડવી ચોક, ઢાલ રોડ થઈ ગાંધી ચોક સ્થિત કરબલા ખાતે વહેલી સવારે ઠંડા કરવામાં આવશે. ઝુલુસ દરમ્યાન રૂટ ઉપર ઠંડા પીણા સહિત જુદી જુદી ન્યાઝનું વિતરણ કરાશે. જૂનાગઢ શહેરમાં મહોરમ પર્વ અંતર્ગત અનેક રસ્તાઓને ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

સાથે જૂનાગઢ પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એસપી હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ પાંચ ડીવાયએસપી, ૧૪ પીઆઈ, ૫૨-પીએસઆઈ, ૯૫૦ પોલીસ જવાનો સાથે ૧ એસઆરપીની કંપની, ૧૦૦ હોમગાર્ડ જવાનો સહિતની ટીમ બોડી વોર્ન કેમેરા સાથે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સાથે રૂટના તમામ માર્ગો પર સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવામાં આવશે.

# જૂનાગઢ મહાનગરપાલીકા સુપરસીડ થવાના ભણકારા

જૂનાગઢ તા.૧૭

જુનાગઢ મહાનગરપાલિકા સુપરસીડ થાય તેવા ભણકારા વાગી રહયા છે જોકે ૩૧જુલાઈ એ મનપાના વર્તમાન શાસકોની મુદત પુરી થાય છે એટલે કે ભાજપના મનપાના શાસકો હવે ઘરે બેસી જવાના છે અને મુદત પુરી થાય એટલે ચુંટણી યોજાય પરંતુ હાલ જુનાગઢ મનપાના શાસકોએ મનફાવે તે રીતે વહીવટ કર્યો હોય જેના કારણે જૂનાગઢમાં ભાજપની છબી ખરડાઈ છે અને ભાજપના ઉમેદવારોને ચુંટણી જીતવી તે ખુબ કઠીન છે અને એટલા માટે ભાજપ મોવડી મંડળ ખરાબ વાતાવરણમાં ચુંટણી યોજવા માંગતું નથી અને એટલા માટે જ મુદત પુરી થાય તે પહેલા મનપાને સુપરસીડ કરવા હિલચાલ ચાલી રહી છે.

મનપાની આગામી ચુંટણીમાં વર્તમાન નગરસેવકમાંથી ચોકકસ નમુનાને ટીકીટ અપાઈ તેમ નથી અને હાલના શાસકોએ જે ઘોર ખોદી છે અને જે રીતે પ્રાથમિક સુવીધા લાઈટ, પાણી અને ગટરના પ્રશ્નને લઈ હોબાળો મચેલો છે તેને લઈ મત માગવા જઈ શકાય તેમ નથી. અને આવા સમયમાં ચુંટણી યોજી શકાય તેમ નથી અને જયાં સુધી વાતાવરણ સુધરે નહી ત્યાં સુધી કોઈ રસ્તો અપનાવવો પડે અને એટલા માટે જ મુદત પહેલા મનપાને સુપરસીડ કરી નાખવી અને ત્યાર બાદ નિષ્ઠાવાન અધિકારીને વહીવટદાર તરીકે નિમી ચોકકસ સમયમાં લોકોના પ્રાથમિક સુવીધાના પ્રશ્નો એટલેકે તમામ રસ્તા-ગટર વગેરે તેમજ લોકોની ફરીયાદ હલ કરવી અને લોકો હસતા મોઢે ભાજપના ઉમેદવારને મત આપે તેવી ગોઠવણ થઈ રહી છે અને સુત્રોનુ માનીએ તો કેટલાક મહાનુભાવો તેમજ અધિકારીને ગાંધીનગરનું તેડુ આવી ગયુ છે. અને ભાજપ દ્વારા જૂનાગઢ માટે નવી રણનિતી ઘડાઈ રહયાનું જાણવા મળી રહયું છે.

## સૌરાષ્ટ્ર ભુમિ દૈનિકનો પડઘો

# નરસિહ સરોવરમાં ચાલતી લોટ-પાણીને લાકડા જેવી કામગીરીને અટકાવતુ તંત્ર

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢના નરસિહ મહેતા સરોવરની બ્યુટીફીકેશનની કામગીરી લોટ-પાણી ને લાકડા સમી ચાલી રહી હોવાનો અહેવાલ સૌરાષ્ટ્ર ભુમિ દૈનિકે રજુ કરતા જ તંત્ર દોડતું થયું અને તાત્કાલીક કામગીરી અટકાવી અને નિયમ મુજબ કામગીરી કરવાની સખત તાકીદ કરી દેવામાં આવી છે. જૂનાગઢ શહેરમાં આવેલ નરસિંહ મહેતા સરોવરને રળીયામણું બનાવવા સરકારે નાણાં ફાળવ્યા અને આ નાણાંનો મનપા ના સતાધીશો આડેધડ વેડફાટ કરી રહયા છે અને નરસિહ મહેતા સરોવરનુ ખોટી રીતે કારણ વિના પોસ્ટમોર્ટમ કરી નાણાનો બગાડ કરે છે અને હમણા ચાલુ વરસાદે કામ જલદી પુરૂ કરી નાખવા માટે મનપા તંત્ર અને જે તે એજન્સી કામે લાગી હતી દરમયાન જાગૃત અખબાર એવા સૌરાષ્ટ્ર ભુમિ દૈનિકને આ અંગેની જાણ થતા જ અહેવાલ મુકતા તેના પડઘા રૂપે તંત્ર દોડયુ થયું અને કામ અટકાવાયું હતું. નાના બાળકને પણ ખબર પડે કે વરસાદ પડતો હોય અને કામ કરો તો શુ થાય પરંતુ આતો મનપાના સતાધીશો કહેવાય. થવા દો ને જોયુ જશે. આમ પણ મનપાના સતાધીશોની આગવી સટાઈલ છે કે ચોમાસુ આવે અને રસ્તાના કામો હાથ ઉપર લે જેને લઈને શહેરના તમામ રસ્તાની હાલત ખૂબ ખરાબ છે અને ચોમાસુ નજીક હોવા છતા ગટરના કામ કરવા લાગે જેને લઈ જુનાગઢ શહેરમાં મોટાભાગના વિસ્તારમાં કાદવ કિચડના થર જામ્યા છે અને આ બધી મહેરબાની ભાજપના શાસકોની છે. હવે તો લોકો સમજી ગયા છે અને જેમ ભાજપ ચુટણી જીતવા રણનિતી ઘડે છે તેમ લોકોએ પણ રણનિતિ ઘડી છે અને ચુટણીમાં બરાબરનો પાઠ ભણાવશે.

# જૂનાગઢના ગિરનાર દરવાજા નજીક ગટરના ખાડાઓના કારણે અકસ્માતની ભિતી




જૂનાગઢ તા.૧૭

હાલમા એકતરફ ચોમાસાની સીઝને રંગ જમાવ્યોછે અને બીજી તરફ જુનાગઢ મહાનગર પાલીકાના તંત્ર દ્વારા ખાડા ખોદવાની સીઝને પણ રંગ જમાવી દીધો છે ત્યારે જુનાગઢ શહેરના ગીરનાર દરવાજા મેઈન રોડ પર મૈયારામ આશ્રમ આવેલ છે ત્યાં રહેણાંક વિસ્તાર હોય અને રહેણાંક મકાનોની બાજુમાં મહાનગરપાલીકાના તંત્ર દ્વારા ગટરના કામો માટે મસમોટા ખાડા ખોદી નાખવામાં આવ્યા છે. અને હાલ આ ખાડાઓ ખુલ્લા પડયા હોય જેથી અકસ્માતની ભીતી સેવાઈ રહી છે. સાથે આજુબાજુમાં રહેતા વિસ્તારવાસીઓને આવવા જવા માટે ખુબ જ સમસ્યા પડી રહી છે. આ ખાડામાં કોઈ પડે કે કોઈ અકસ્માત સર્જાશે તો તેના માટે આના જવાબદારકોણ હશે ? મહાનગરપાલિકાનુ તંત્ર કે પછી સરકાર કે પછી જૂનાગઢ મહાનગર પાલિકાના પદાધિકારીઓ કે કોણ જવાબદાર બનશે જુનાગઢના ડેપ્યુટી મેયર જવાબદાર થશે કે પછી પદાધિકારીઓ તેવો રહેવાસીઓમા ચર્ચાય રહયુ છે.

# જૂનાગઢ સહિત જીલ્લામાં મેઘરાજાની હેત વરસી

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ સહિત જીલ્લાભરમાં ગઈકાલે સાંજે મેઘરાજા મંડાણ કરતા જૂનાગઢ શહેર સહિત જીલ્લાના માંગરોળ, માળીયા હાટીના અને માણાવદર પંથકમાં ભારે વરસાદ ખાબકતા ચારે તરફ પાણી પાણી થઈ ગયા હતા.

ગઈકાલે ભારે બફારા અને ઉકળાટ બાદ સાંજે મેઘરાજાએ મંડાણ કરતા જૂનાગઢ શહેર સહિત જીલ્લાના માંગરોળ, માણાવદર અને માળીયા હાટીનામાં ભારે વરસાદ પડયો હતો. ચાલુ વરસાદી સીઝનમાં માંગરોળ પંથકમાં ઓછો વરસાદ થયો હતો જેને લઈ ખેડૂતોમાં ભારે ચિંતા વ્યાપી હતી પરંતુ ગઈકાલે બપોર બાદ મેઘરાજાની પધરામણી થતા વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. અને મોડી સાંજ સુધીમાં પાંચ ઈંચ કરતા વધુ વરસાદ ખાબકતા શહેરના બસ સ્ટેન્ડ, બંદરઝાપા સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને સીમ વિસતારમાં ખેતર પાણી ભરાઈ ગયા હતા.

માળીયા હાટીનામાં પણ બપોર બાદ ધોધમાર ૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. સાથે ચોરવાડ, ગડુ સહિતના વિસ્તારોમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો. સાથે માણાવદર પંથકમાં અસહય ઉકળાટ બાદ વીજળીના કડાકા ભડાકા સાથે પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. સાથે બાંટવામાં પાંચ ઈંચ વરસાદ જયારે મેંદરડામાં ત્રણ ઈંચ વરસાદ વરસતા લોકોમાં ખુશી છવાઈ હતી. આ ઉપરાંત ગિરનાર તથા દાતાર પર્વત પર વરસાદ થતા કાળવામાં પાણી આવ્યું હતું. જૂનાગઢ, ભેંસાણ અને વંથલી પંથકમાં દોઢ-દોઢ ઈંચ સાથે કેશોદમાં ૧ ઈંચ વરસાદ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. આમ સમયસર વરસાદથી ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

# ગણેશ જાડેજાનો જેલવાસ લંબાવાની શક્યતાઓ

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢમાં દલિત યુવાનને માર મારવાના મામલે ગણેશ જાડેજા સહિત ૧૧ આરોપીઓ જેલમાં છે. દલિતના માર મારવાના મામલે ગોંડલના લોકો રોષે ભરાયા હતા. જેના બાદ પોલીસે કાર્યવાહી કરતા ગણેશ જાડેજાની પુછપરછ કર્યા બાદ ધરપકડ કરી હતી ત્યારે હાલ ફરી એક વાર ગણેશ જાડેજાની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. ગણેશ જાડેજા ગોંડલનાં ભાજપનાં ધારાસભ્ય ગીતાબા જાડેજા અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર છે.જેમને ગોંડલ ગણેશ જાડેજા કેસમાં ગુજરાત હાઈ કોર્ટ દ્વારા ૭/૮/૨૪ની મુદત આપવામાં આવી છે. ત્યારે ગણેશ જાડેજા અને તેના સાગરીતોને હજુ જેલ વાસ લંબાવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

ગણેશ જાડેજા પર જૂનાગઢનાં દલિત યુવાનને માર મારવાના કેસમાં એક નવો ઘટસ્ફોટ થયો છે. આ કેસમાં સામે આવ્યું છે કે ૨ ખોટા આરોપી રજૂ કર્યાનો ઘટસ્ફોટ થયો છે. આ મામલે ફરિયાદી સંજય સોલંકીએ એસપીને અરજી કરી. જેના બાદ તપાસ પ્રક્રિયામાં ઓળખ પરેડમાં ડમી આરોપીઓને કરી અને ઓળખી બતાવ્યા હતા. ફરિયાદીએ અરજીમાં ફોટો સાથે નામ દર્શાવી ઓળખી બતાવ્યા હતા. અને ખોટા આરોપીની માહિતી તેમને સોશ્યલ મીડિયામાંથી મેળવી હોવાનું જણાવ્યું હતું.

૩૧મી મેના દિવસે જૂનાગઢમાં સંજય સોલંકી નામના દલિત યુવાન પર ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા અને અન્ય લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સંજય સોલંકી પર હુમલાને લઈને ગણેશ જાડેજા વિરુદ્ધ કાયદેસર કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં વધુ રસ ના દાખવતા લોકો રોષે ભરાયા હતા અને દલિત સમાજે જૂનાગઢથી ગોંડલ સુધી રેલી કાઢી હતી. પીડીત યુવાન સંજય સોલંકીએ મુખ્ય આરોપી તરીકે ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિત ૧૦ અજાણ્યા વ્યક્તિઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યારે ગણેશ જાડેજા અને તેના સાગરીતોને હજુ જેલ વાસ લંબાવાની શક્યતાઓ સેવાઈ રહી છે.


દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
પંચહાટડી-માંગનાથ રોડ ઉપર ફસ્ટ ફલોર, રોડ સાઈડ (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કેવર ફુટ દુકાન જવેલરી, રેડીમેડ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
(વાર-તહેવાર નિમિત્તે શુધ્ધ ઘી વાપરવાનો આગ્રહ રાખો)
ભેંસનું તેમજ ગાયનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ તાજુ ઘી ગેરંટીવાળુ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂ. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨